આજનો સુવિચાર

ઈર્ષા, લોભ, ક્રોધ અને કઠોર વચન, આ ચાર વસ્તુ થી હમેશા દૂર રહેવું તેનું નામ જ જીવન!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૩ જૂનાગઢ તા.૨૧-૦૮-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 213, Junagadh : Date : 21 August, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# દલિત-આદીવાસી સંગઠનો દ્વારા આજે ભારત બંધ : મિશ્ર પ્રતિસાદ

## રાજસ્થાન, બિહાર, ઝારખંડમાં બંધની વ્યાપક અસર : દેશના અનેક શહેરોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શનો : એસપી, બીએસપી, આરજેડી, એલજેપી સહિતના રાજકીય પક્ષોએ બંધને સમર્થન આપ્યું

નવી દિલ્હી, તા.૨૧: દલિત અને આદિવાસી સંગઠનોએ આજે 'ભારત બંધ'નું એલાન આપ્યું છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે મજબૂત પ્રતિનિધિત્વ અને રક્ષણની માંગ કરવા માટે બંધનું આહ્વાન કરવામાં આવ્યું છે. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન એ માંગણીઓની યાદી બહાર પાડી છે. આમાં સૌથી મહત્વપૂર્ણ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) માટે ન્યાય અને સમાનતાની માંગ છે. બંધની અસર બિહાર, રાજસ્થાન, ઝારખંડમાં વ્યાપક જોવા મળી છે. ગુજરાત - દિલ્હીમાં કોઈ અસર નથી.

અનુસૂચિત જાતિ અને જનજાતિ અનામતમાં ક્રીમી લેયર પર સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયના વિરોધમાં આજે સમગ્ર દેશમાં બંધ પાળવામાં આવી રહ્યો છે. અનેક દલિત સંગઠનો આ બંધને સમર્થન આપી રહ્યા છે, કોંગ્રેસ, સપા અને બસપા જેવા પક્ષોએ પણ તેને સમર્થન આપ્યું છે.

ભારત બંધને માત્ર ઘણા દલિત સમુદાયો જ સમર્થન નથી આપી રહ્યા, રાજકીય પક્ષો પણ સમર્થનમાં આગળ આવ્યા છે. સમાજવાદી પાર્ટી, આઝાદ સમાજ પાર્ટી (કાશીરામ), બહુજન સમાજ પાર્ટી, બિહારમાં રાષ્ટ્રીય જનતા દળ, ભીમ આર્મી, ભારત આદિવાસી પાર્ટી, LJP (R) આ બંધને સમર્થન આપી રહ્યા છે. સમજવા જેવી વાત એ છે કે આ પ્રકારનો વિવાદ સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જ શરૂ થયો છે.

હકીકતમાં, સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણનિર્ણયમાં કહ્યુંહતુંકેરાજ્યોને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં પેટા-વર્ગીકરણ કરવાનો બંધારણીય અધિકાર છે, જેથી અનામત દ્વારા જાતિ જૂથના વધુને વધુ લોકોના ઉત્થાનમાં મદદ મળી શકે.

દરમ્યાનમાં લખાઈ રહ્યું છે ત્યારે પ્રાપ્ત વિગત મુજબ, બિહાર-રાજસ્થાનના અનેક જીલ્લાઓમાં ઉગ્ર પ્રદર્શનોના પગલે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ભારે ઘર્ષણ થઈ રહ્યું છે અને લાઠીચાર્જ સહિતની ઘટનાઓ બની છે. રેલ રોકો આંદોલનો અને ચક્કાજામ પણ કરવામાં આવ્યું છે.





# ગુજરાત વિધાનસભાના ટૂંકા સત્રનો પ્રારંભ : ભાજપ-કોંગ્રેસ વચ્ચે તડાફડી બોલશે

ગાંધીનગર,તા.૨૧ ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસનાં ટુંકા સત્રનો આજથી પ્રારંભ થયો છે. પ્રશ્નોતરીનો છેદ ઉડાડીને માત્ર ત્રણ જ દિવસનું સત્ર રાખવામાં આવ્યુ હોવાથી શાસક અને વિપક્ષો સામસામા છે. ભ્રષ્ટાચાર સહીતના મુદાઓ પર તડાફડી સર્જાવાના એંધાણ છે.

ત્રણ દિવસનાં સત્રમાં સરકાર દ્વારા અંધશ્રધ્ધા-કાલાજાદુ પર પ્રતિબંધ મુકતો કાયદો પસાર કરવામાં આવશે.આ સિવાય દારૂ સાથે પકડાતા વાહનોની તત્કાળ હરરાજીના અધિકાર ભ્રષ્ટાચારી અધિકારીઓની અપ્રમાણસર સંપતિ જપ્ત કરવા સહીત પાંચ વિધેયકો રજુ કરવામાં આવશે.

આવકના નિશ્ચિત સ્ત્રોત કરતા વધુ કમાણી કરીને અપ્રમાણસર સંપતિ ઉભી કરતા ભ્રષ્ટાચારીઓની ગેરકાયદે સંપતિ જપ્ત કરવાની ઝડપી પ્રક્રિયા માટે ખાસ કોર્ટની પણ જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત પ્રોહીબીશન સુધારા વિધેયકમાં દારૂ સાથે પકડાતા વાહનોનાં કેસોમાં અદાલતી ચુકાદા પુર્વે જ હરરાજીની સતા સરકારને મળશે.દારૂ સાથે પકડાતા વાહનો પોલીસ સ્ટેશનોમાં ભંગાર થઈ જતા હોવાથી તેનો વહેલો નિકાલ શકય બનશે.અંધશ્રધ્ધા-કાળાજાદુ નામે લોકો સાથે થતી છેતરપીંડી શોષણ રોકવા માટે પણ તે વિશેનું મહત્વનું વિધેયક પેશ કરાયું છે.



કોંગ્રેસના વિપક્ષી નેતા અમીત ચાવડાએ વિધાનસભાનું સત્ર માત્ર ત્રણ દિવસનું રાખવા બદલ સરકારની ટીકા કરી હતી. વિવિધ મુદાઓ પર ચર્ચા થઈ શકે તે માટે ૧૦ દિવસનું સત્ર રાખવાની માંગ કરી હતી.

# મહારાષ્ટ્રમાં બદલાપુર બાદ હવે આકોલામાં પણ શરમજનક ઘટના
## સરકારી શાળાનો શિક્ષક ચાર મહિનાથી ૬ વિદ્યાર્થીનીઓને અશ્લીલ વિડીયો બતાવતો હતો

મુંબઈ, તા.૨૧: મહારાષ્ટ્રના બદલાપુર બાદ હવે અકોલામાં સ્કૂલની છોકરીઓ સાથે શરમજનક ઘટના બની છે. અહીં સરકારી શાળાનો શિક્ષક વિદ્યાર્થીનીઓને અશ્લીલ વીડિયો બતાવતો હતો. આ મામલે FIR નોંધવામાં આવી છે. આરોપ છે કે શિક્ષક લગભગ ચાર મહિનાથી આ કૃત્ય કરી રહ્યો હતો. વિદ્યાર્થિનીઓએ બાળ કલ્યાણ સમિતિને બોલાવીને આખી વાત કહી. આ ઘટના ત્યારે સામે આવી છે જયારે બદલાપુરમાં કિન્ડરગાર્ડનની બે છોકરીઓના યૌન શોષણને લઈને ભારે વિરોધ થઈ રહ્યો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના અકોલાના કાઝીખેડની એક જિલ્લા પરિષદ શાળામાં બની હતી. અહીં એક ૪૭ વર્ષનો શિક્ષક ચાર મહિનાથી સ્કૂલની ૬ વિદ્યાર્થીનીઓને અશ્લીલ વીડિયો બતાવી રહ્યો હતો. તે વિદ્યાર્થિનીઓને વીડિયો બતાવવા માટે દબાણ કરીને પરેશાન કરતો હતો. આનાથી કંટાળીને વિદ્યાર્થિનીઓએ બાળ કલ્યાણ સમિતિના ટોલ ફ્રી નંબર પર ફોન કરીને ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે મંગળવારે સવારે બાળ કલ્યાણ સમિતિની ટીમ શાળાએ પહોંચી અને વિદ્યાર્થીનીઓ સાથે વાત કર્યા બાદ શિક્ષક વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો. આ મામલામાં પોલીસનું કહેવું છે કે ૬ વિદ્યાર્થીનીઓએ ફરિયાદ કરી છે કે તેમની શાળામાં એક શિક્ષક છેલ્લા ચાર મહિનાથી અશ્લીલ વીડિયો બતાવી રહ્યો છે.

# ઓબીસી, એસસી, એસટી કેટેગરીના મેરીટોરીયસ વિદ્યાર્થીઓ સામાન્ય ક્વોટાની બેઠક પર પણ પ્રવેશ માટે હકદાર : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી, તા.૨૧: સુપ્રીમ કોર્ટે ગઈકાલે અનામતને લઈને મોટો નિર્ણય આપ્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને રદ કર્યો છે, જેમાં અનામતનો લાભ લેવા માટે મેરીટોરીયસ વિદ્યાર્થીઓને જનરલ કેટેગરીની બેઠકો પર પ્રવેશ ન આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે જો અન્ય પછાત વર્ગ (ઓબીસી), અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) કેટેગરીના મેરીટોરીયસ વિદ્યાર્થીઓ તેમની યોગ્યતાના આધારે સામાન્ય ક્વોટાની બેઠકો પર પ્રવેશ મેળવવા માટે હકદાર છે, તો તેઓ અનામત બેઠકો પર પ્રવેશ મળવો જોઈએ નહીં.

જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેન્ચે મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણય સામે રામ નરેશ ઉર્ફે રિંકુ કુશવાહા અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને સ્વીકારતી વખતે આ નિર્ણય આપ્યો હતો. બેન્ચે કહ્યું કે જો OBC, SC અને ST કેટેગરીના વિદ્યાર્થીઓ તેમની યોગ્યતાના આધારે બિનઅનામત એટલે કે સામાન્ય ક્વોટામાં પ્રવેશ મેળવવા માટે હકદાર છે, તો તેમને માત્ર બિનઅનામત બેઠકો પર જ પ્રવેશ મળવો જોઈએ.

સર્વોચ્ચ અદાલતે સૌરવ યાદવ અને અન્ય વિરુદ્ધ ઉત્તર પ્રદેશ સરકારના કેસમાં આપેલા તેના અગાઉના નિર્ણય પર આધાર રાખીને આ નિર્ણય આપ્યો છે. આ મામલો મધ્યપ્રદેશની એક મેડિકલ કોલેજમાં MBBS એડમિશન સાથે સંબંધિત છે, જેમાં અનામત કેટેગરીના મેરિટોરીયસ વિદ્યાર્થીઓને જનરલ ક્વોટા હેઠળ પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

## :: સમાચાર રાઉન્ડઅપ ::

- જામનગરમાં એમબીબીએસનો અભ્યાસ કરતા વિદ્યાર્થી કિશન માણેકનું જીમમાં કસરત કરતી વખતે હાર્ટ એટેકથી મૃત્યું
- ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૬૦૦ વૃધ્ધોએ આત્મહત્યા કરી
- ૯૫.૪ કરોડ ઈન્ટરનેટ યુઝર્સ સાથે ભારતે નવો રેકોર્ડ બનાવ્યો
- પાકિસ્તાનમાં પણ બાંગ્લાદેશ વાળી થઈ : સુપ્રિમ કોર્ટમાં હજારો લોકો ઘુસ્યા
- આજે રાજયસભાની ચૂંટણી માટે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ : ભાજપે ૯ ઉમેદવારોની યાદી જાહેર કરી
- બાંગ્લાદેશમાં ફરી હિન્દુઓ પર હુમલા થતાં ભયનો માહોલ
- અમેરીકાના હ્યુસ્ટન શહેરમાં હનુમાનજીની ૯૦ ફુટ ઉંચી પ્રતિમાનું અનાવરણ.

# ઈન્કમટેક્સ વિભાગે રૂા.૪૩ લાખ કરોડની વસુલાત માટે એક્શન પ્લાન ઘડયો : ટોપ ૫૦૦૦ કેસોમાં કાર્યવાહી કરશે

નવી દિલ્હી,તા.૨૧ આવકવેરા નિયમોમાં વખતોવખત ફેરફારો વચ્ચે બાકી વસુલાતનો આંકડો હવે રૂા.૪૩ લાખ કરોડે પહોંચ્યો છે ત્યારે ઈન્કમટેક્સ વિભાગે ટોપ-૫૦૦૦ કેસો પર ધ્યાન કેન્દ્રીત કરીને રિકવરીની તાકીદ કરી છે બાકી નાણાંની વસુલાત વધારવા તથા કાનુની દેશોમાં અટવાયેલા નાણાનું પ્રમાણ ઘટાડવા સુચના આપવામાં આવી છે.

આવકવેરાની બાકી નાણાંની વસુલાત પર ફોકસ સાથે એકશન પ્લાન ઘડવામાં આવ્યો છે. કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ મોટા કેસો ચકાસવા-મુલ્યાંકન કરવા માટે, ખાસ ટીમો નિયુકત કરવા અને તેની યાદી સપ્ટેમ્બર સુધીમાં બોર્ડને મોકલવા તમામ ઝોનને સુચવ્યુ છે. કાનુની વિવાદમાં અટવાયેલા સહીતના મોટી રકમનાં તમામ કેસોને યાદીમાં આવરી લેવાની તાકીદ કરવામાં આવી છે.

૧૦ વર્ષથી જુના કેસો માંડવાળ કરવા કે આક્રમક અભિગમ અને વસુલાત વિશે પણ ચકાસણી કરવા કહેવામાં આવ્યું છે.કરદાતા લાપતા હોય અને કોઈ સગડ મળતા ન હોય તો તેવા કિસ્સામાં અલગ રણનીતિ ઘડવાની સુચના પણ આપવામાં આવી છે.

ચાલુ નાણાંકીય વર્ષ માટે ટેકસ વિભાગે તૈયાર કરેલા એકશન પ્લાનમાં મહત્વના ક્ષેત્રોની ટેકસ ડીમાંડ અને વસુલાત પર ફોકસ રાખવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારને વિવિધ યોજનાઓ પાછળ જંગી ખર્ચ કરવાનો થાય છે. ત્યારે મહતમ આવક ઉભી કરવા માટે દેશભરનાં આવકવેરા ઝોન-કમીશ્નરોને કહેવામાં આવ્યુ છે.

કેન્દ્રીય સીધા કરવેરા બોર્ડ દ્વારા ૧૬.૭ કરોડની નેટ વસુલાતનો અંદાજ રજુ કરવામાં આવ્યો છે અને બાકી નાણાની ૮ લાખ કરોડની રિકવરીનો ટારગેટ નકકી કરવામાં આવ્યો છે.૩૫ ટકા અર્થાત ૨.૮ લાખ કરોડ મુંબઈમાંથી વસુલવાનો ટારગેટ છે.દિલ્હી માટે રૂા.૮૬૬૯૨ કરોડનો ટાર્ગેટ છે.

લસણ રીટેઈલમાં મળશે
પ્યોર દેશી આખું લસણ
૧ કિલોના ફકત રૂા.૨૪૦
૪ થી ૫ મહિના સુધી બગડશે નહીં
મો.૯૩૭૬૬૦૫૫૬૨
જૂનાગઢ

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર - સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી
સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
જન કલ્યાણ ફાર્મ નર્સરી
પ્લાન્ટેશન તથા બગીચા બનાવવા તથા ગેરેન્ટેડ
કલમ, રોપા, ફળ-ફુલનાં રોપા ઈન ડોર, આઉટ ડોર, આયુર્વેદિક રોપા, ચંદન, ડ્રાયફ્રુટ રોપા તથા શાકભાજીના રોપા મળશે
જૂનાગઢથી માત્ર ૫ કી.મી.નાં અંતરે
જૂનાગઢ - મેંદરડા રોડ, મુ. ઈવનગર, તા.જી. જૂનાગઢ

• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર - જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોનીની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

# ગિરનાર ભુમિની સમિપે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે 'એક વૃક્ષ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ થયું

## ભારતીય સંસ્કૃતિમાં પર્યાવરણને ભોગવાદી ભૌતિક દ્રષ્ટિકોણથી નહી પણ આધ્યાત્મિક અભિગમથી નિહાળવામાં આવે છે : પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી કુલપતિ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.

જૂનાગઢ તા.૨૧

સમગ્ર વિશ્વમાટે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પડકાર રૂપ બની છે.ગ્લોબલ વૉર્મિંગનાં માઠા પરિણામોથી બચવાના એક પ્રયત્ન રૂપે ગ્લોબલ વૉર્મિંગ અંગે લોકોને માહિતગાર કરવા ખૂબ જ જરૂરી છે.

પેટ્રોલીયમનો બેફામ વપરાશ, વીજ ઉત્પાદન માટે કોલસો બાળીને, મોટા મોટા કારખાનાઓ માટે બળતણના ઉપયોગ દ્વારા પૃથ્વીપર કાર્બન ડાયોકસાઈડ અને અન્ય ઝેરી વાયુઓનું પ્રમાણ ભયજનક કક્ષાએ વધવાથી પૃથ્વી વધુ ને વધુ ગરમ થવા લાગી તે પ્રક્રિયાને ગ્લોબલ વોર્મિંગ કહેવાય છે.

'તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મન નિવાસ કરે છે.' અને તંદુરસ્ત શરીર માટે શુધ્ધ હવા, શુધ્ધ ખોરાક અને શુધ્ધ પાણીની જરૂર પડે છે અને તે સમગ્ર પર્યાવરણ શુધ્ધ હોય તો જ પ્રાપ્ત થઈ શકે છે. આમ, માનવીના શારીરિક અને બૌધ્ધિક વિકાસનો આધાર શુધ્ધ પર્યાવરણ ઉપર રહેલો છે. આ શુધ્ધ પર્યાવરણએ માનવીને કુદરતે આપેલી મહાન ભેટ છે. ભુતકાળમાં શુધ્ધ પર્યાવરણની મદદથી માનવીએ આર્થિક વિકાસ સાધવામાં સફળતા પ્રાપ્ત કરી છે અને સંસ્કૃતિના સોપાનો સર કર્યા છે. આ રીતે પર્યાવરણ, આર્થિક વિકાસ અને સંસ્કૃતિએ એકબીજાથી જુદા ન પાડી શકાય તેવી રીતે પરસ્પર એકબીજા સાથે એક સીકકાની બન્ને બાજુએ જોડાયેલા ગણાવી શકાય છે. પર્યાવરણ એટલે પૃથ્વીની આજુબાજુનું વાતાવરણ. આ વાતાવરણમાં હવા, વૃક્ષો, પર્વતો, જમીનો, ખીણો, આકાશ, હવામાન, સૂર્યનો પ્રકાશ, પાણી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. એથી આગળ જઈએ તો પર્યાવરણ એટલે સજીવ સૃટના અસ્તિત્વને અસર કરતી પ્રક્રિયાઓનો સરવાળો. વિશાળ અર્થમાં જઈએ તો પર્યાવરણ એટલે હવા, પાણી, જમીન, વનવિસ્તાર તથા દરીયાઈ જંગલી તેમજ પાલતુ પ્રાણીઓ, પશુ, પક્ષીઓ અને માનવ જીવન વચ્ચેનો ઉચિત સમન્વય.આબોહવા, ભૂભૌતિક તેમજ જૈવિક પરિબળો ઉપરાંત સામાજીક, સાંસ્કૃતિક પરિસ્થિતીઓને જે જૈવિક સૃષ્ટ પર અસર કરતા પરિબળો છે તેને પર્યાવરણ કહેવામાં આવે છે.પૃથ્વી પર મુખ્યત્વે ત્રણ આવરણો.જૈવિક આવરણ **(Biosphere)**, જલાવરણ **(Hydrosphre)**, વાતાવરણ **(Atmosphere)** આવેલા છેઆ ત્રણ પ્રકારના કુદરતી આવરણ વચ્ચે અનેક રીતે કુદરતે જ સંતુલન ઉભું કરેલ છે. ભુપૃષ્ઠ ઉપર જૈવિક સંપતિમાં વનસ્પતિ, પ્રાણીઓ તેમજ સુક્ષમ જિવાણુઓનો સમાવેશ થાય છે અને આ બધા એકબીજા ઉપર આધારીત છે. પરંતુ મનુષ્ય બુધ્ધિશાળી પ્રાણી હોવાથી પોતાના સુખસગવડ ખાતર પૃથ્વી ઉપરના અન્ય પ્રાણીઓ તેમજ વનસ્પતિ ઉપર પોતાના સ્વાર્થ માટે આક્રમણ શરૂ કર્યુ. જેના કારણે જ કુદરતી સંતુલન જોખમાયું છે અને અનેક પ્રશ્નો ઉભા થયા છે. જેને આપણે પ્રદુષણના પ્રશ્નો તરીકે ઓળખીયે છીએ. આમ, પર્યાવરણના પ્રશ્નો માનવ સર્જિત છે. બુધ્ધિશાળી મનુષ્ય પ્રશ્નો ઉભા જ ન થાય તેની દરકાર કરવાને બદલે પ્રશ્નો ઉભા કરીને પછી તેના ઉકેલ માટે આંધળી દોટ મૂકે છે.જેના કારણે જંગલો અને વનરાજીઓનો નાશ થવાને લીધે કેટલું નુકસાન થયું છે તેને ખરો ખ્યાલ તો જ મળે જો વૃક્ષો તેમજ અન્ય વનરાજીના (જંગલોના) ફાયદા શું છે તે જાણવાથી થશે.

વનસ્પતિ સૃષ્ટિ માનવજાતને માટે એટલી બધી રીતે ઉપકારક છે સૌને ખ્યાલ છે જ ત્યારે...વૃક્ષ વિહોણી ધરાથી થતાં વિઘાત્તક પરિબળોને નાથવા અને આપણું રાષ્ટ્ર હરીયાળુ, પ્રદુષણમુક્ત અને ગ્લોબલ વોર્મિંગની સ્થિતીને ખાળવા અગ્રેસર રહે તે દીશામાં દેશનાં પ્રધાનમંત્રીશ્રીએ 'એક વૃક્ષ માં કે નામ' દેશનાં દરેક નાગરીકને આપ્યુ છે ત્યારે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજયો હતો. આ તકે યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે વૃક્ષ તો આ ધરા પરનું અણમોલ ઘરેણું છે. વિશ્વનાં વિકસીત રાષ્ટ્રોની તુલનાએ ભારતમાં પર્યાવરણને આદીકાળથી માનવ જીવનના તાણાવાણા સાથે વણી લેવામાં આવેલ છે. પર્યાવરણના તત્વોને અતિપવિત્ર ગણીને ભારતમાં પૂજા કરવામાં આવે છે. સૂર્ય, ચંદ્ર, નક્ષાત્રો, પૃથ્વી, પર્વતો, હવા, પાણી, અગ્નિ વગેરેને દેવ ગણીને પૂજા થાય છે. વૃક્ષો, નદીઓ, સમુદ્રોની પણ ભારતીય પરંપર મુજબ પૂજા કરવામાં આવે છે. સવારે ઉઠીને ધરતી પર પગ મુકતા પહેલા તેને વંદન કરે છે. સૂર્યને આધ્ય આપી સૂર્યવંદના થાય છે. ભારતની સ્ત્રીઓ પોતાના અખંડ સૌભાગ્ય માટે વડલાની પૂજા કરે છે. પીપળામાં ભગવાનનો વાસ છે અને પિતૃઓનું તે માધ્યમ છે તેમ માનીને તેની પૂજા કરી પાણી અર્પણ કરવામાં આવે છે. તુલસીજીને ભગવાનની પત્ની માનીને દરેક આંગણામાં શોભા આપે તે માટે સૌ પ્રયાસો કરે છે. આમ, ભારતીય સંસ્કૃતિમાં પર્યાવરણને ભોગવાદી ભૌતિક દ્રષ્ટિકોણથી નહી પણ આધ્યાત્મિક અભિગમથી નિહાળવામાં આવે છે.આમ જણાવી ડો. ચેતન ત્રિવેદીએ યુનિ.નાં ક્ષેત્રીય વિદ્યાલયોમાં અભ્યાસ કરતાં છાત્રો અને નગરજનોને વૃક્ષવાવેતર અને વૃક્ષોનાં સંવર્ધનમાં આગળ આવવા અપીલ કરી યુનિ. કેમ્પસમાં રજીસ્ટ્રાર ડો. ડી.એચ. સુખડીયા અને સાથી શૈક્ષણિક પરિવારનાં સભ્યો સાથે વૃક્ષારોપણ કર્યુ હતું.




# બીકેએનએમયુ યુનિવર્સીટી દ્વારા એકાઉન્ટીંગનાં ઉભરતા પરિણામો વિષયે વ્યાખ્યાનમાળા યોજાઈ

જૂનાગઢ, તા. ૨૧

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ દ્વારા **Emerging Dimensions of Accounting** વિષય ઉપર ગુજરાત યુનિવર્સિટીના પ્રો.(ડો.) શંકર સોઢાના એક વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવેલ.આ વ્યાખ્યાનમાળામાં વિષય નિષ્ણાંતે નામપદ્ધતિના મૂળથી લઈ વર્તમાન ઉપલક્ષ્યમાં નાણાંકીય હિસાબી પદ્ધતિ ની જરૂરિયાત અને કાર્યક્ષેત્ર વિશે ઉંડાણ પૂર્વક માહિતી રજુ કરી હતી. નાણાકીય હિસાબનીશોની જરૂરિયાત અને મહત્વ પર પણ ભાર મુકતા શ્રી સોઢાએ વર્તમાન નાણાકીય હિસાબોમાં ફુગાવાની અસરને કેવી રીતે દર્શાવી શકાય તે બાબત પર પણ ભાર મુક્યો હતો. વર્તમાન હિસાબી જરૂરિયાતોને અનુલક્ષીને નામપદ્ધતિને લગતા વિવિધ ડિપ્લોમા અભ્યાસક્રમો થકી બેરોજગારીના પ્રશ્નો પણ કેક અંશે ઘટાડી શકાશે તેમ જણાવી ડો. શંકર સોઢાએ એકાઉન્ટિંગના ઉભરતા આયામોની સમજ આપતા જણાવ્યુ હતુ કે પ્રકરણની શરૂ આતમાં અભ્યાસના મુદ્દાઓનું વિહંગાવ લોક 'યાદરાખો', નામાના મૂળભૂત સિદ્ધાંતોની દષ્ટિએ પ્રત્યેક મુદ્દાની તલસ્પર્શી છણાવટ કરો, પ્રકરણના તમામ સ્વાધ્યાય-પ્રશ્નોના આદર્શ અને અપેક્ષિત જવાબો સમજવા જોઈએ. કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીનાં માર્ગદર્શન તળે યોજાયેલ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવા કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રો.(ડો.) ભાવસિંહ ડોડીયા, વિભાગના અધ્યાપકો સર્વશ્રી ડો દિનેશકુમાર ચાવડા, ડો અનિતાબા ગોહિલ, ડૉ વિનીતકુમાર વર્માએ જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમનું સંચાલન વિભાગના શોધ સ્કોલર કુ. મનીષા કડેગીયાએ અને આભારવિધિ કુ. હિરલ સાપરાએ કરી હતી. આ કાર્યક્રમનો કોમર્સ અને મેનેજમેન્ટ શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ રસપુર્વક લાભ લીધો હતો.




# વિસાવદર કોર્ટ ચેક રિટર્ન કેસોમાં એક જ આરોપીને જુદા જુદા સાત કેસમાં બે બે વર્ષની સજા તથા ચેકની બમણી રકમનો દંડ ફટકારતા ચકચાર

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૨૧

વિસાવદર કોર્ટમાં ચાલતા રકમ હાથ ઉછીની લઈને ચેક આપી ચેકમાં જુદા પ્રકારની સહી કરી ચેક રિટર્ન કરાવનાર આરોપીને વિસાવદર કોર્ટ દરેક કેસ દીઠ બે બે વર્ષની સજા તથા ચેકની રકમનો બમણો દંડ ફટકારતા ચકચાર મચી ગયેલ છે. આ અંગેની વિગત એવા પ્રકારની છે કે વિસાવદર તાલુકાના જુદા ગામના તથા શહેરના વ્યક્તિઓ પાસેથી જુદા જુદા સમયે મોટી મોંણપરી ગામના અને ત્યારબાદ વિસાવદર તથા સુરત રહેતા અલ્પેશ ભગવાનભાઈ ઝાલાવાડિયાને હાથ ઉછીના રૂપિયા આપેલ તે રકમ પરત ચુકવવા માટે આરોપીએ જુદા ફરિયાદીઓને જુદા જુદા ચેકો આપેલા હતા જે ચેકો રિટર્ન થયા બાદ ફરિયાદીએ અવારનવાર આરોપીએ આપેલ ચેક પરત ફરેલ હોવાની આરોપીને જાણ કરવા છતાં રકમ નહિ ચૂકવતા ત્રણ કેસના ફરિયાદીએ તેમના એડવોકેટ નયનભાઈ જોશી મારફતે આરોપીને નોટિસ આપેલ આરોપીએ નોટીસનો કોઈ જવાબ નહિ આપતા ફરિયાદીના વકીલ દ્વારા કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલી જેમાં આરોપીએ ફરિયાદ વાળો ચેક ખોટી મેળવી તેમાં ખોટી રકમ, તારીખ નાખી ચેકનો દૂર ઉપયોગ કરેલ હોવાની તકરારો લીધેલ હતી. ત્યારબાદ આરોપીનો જવાબ લેવામાં આવેલ જેમાં પણ આરોપીએ ઉપર મુજબનો બચાવ લીધેલો હતો. આ કામમાં ફરિયાદી વતી વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા સુપ્રીમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટે તથા અન્ય કોર્ટોના વિવિધ ચુકાદાઓ તથા કાયદાકીય જોગવાઈઓ સાથેની દલીલો કરતા વિસાવદર કોર્ટ આરોપીને આ કેસમાં ચેકોની રકમનો બમણો દંડ તથા બે વર્ષની સજા અને દંડની રકમ ન ભરે તો વધુ છ માસની સજા ફટકારતા ચકચાર મચી ગયેલ છે આજ આરોપી સામેના જુદા જુદા અન્ય સાત કેસોમાં જુદા જુદા ફરીયાદી હતા તેવા અન્ય મળી કુલ ૭ કેસમાં પણ બે બે વર્ષની સજા તથા ચેકની બમણી રકમનો દંડ ફટકારતા રકમ મેળવી ચેકો આપનારા લોકોમાં ફફડાટ મચી ગયેલ છે.

# જૂનાગઢ જીલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આવતીકાલ તા. ૨૨ ઓગસ્ટના ભરતી મેળો યોજાશે

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓ માટે જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાનગી ક્ષેત્રના એકમ ઈન્સ્ટાકાર્ટ (ફ્લિપકાર્ટ) પ્રા.લિ. કંપની તથા મહાવીર એન્ટરપ્રાઈઝ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ ટીમ લીડર, ડીલેવરી બોય, મશીન ઓપરેટર, કમ્પ્યુટર ઓપરેટર, માર્કેટિંગ/ સેલ્સ એક્ઝુકેટીવ તથા એકાઉન્ટ નીજગ્યાઓ માટે ૨૦ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એચ.એસ.સી, સ્નાતક, ડિપ્લોમા કે આઈ.ટી.આઈ.ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે તા.૨૨ ઓગસ્ટ, ૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી-વીંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે ભરતી મેળાનું આયોજનકરવામાં આવેલ છે. ભરતીમેળામાં ભાગ લેનાર ઉમેદવારોએ, શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત રહેવું. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ **https://anubandham.gujarat.gov.in**ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે.

આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ટેલિફોન નંબર (૦૨૮૫) ૨૬૨૦૧૩૯ ઉપર સંપર્ક કરવો, તેમ જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.


# છાત્રોડાના છત્રેશ્વર-પત્રેશ્વર મહાદેવ મંદિર ખાતે સાતમ-આઠમના તહેવાર નિમિતે બાબા અમરનાથ બર્ફીલી ગુફાના દર્શન યોજાશે

## છેલ્લા ૧૭ વર્ષથી સમસ્ત છાત્રોડા ગામ દ્વારા આયોજન કરાઈ છે, હજારોની સંખ્યા ભાવિ ભક્તો દર્શને આવે છે

(પ્રતિનિધિ દ્વારા)

છાત્રોડા, તા.૨૧

સાતમ-આઠમના તહેવારને લઈને શિવજીના મંદિર ખાતે દર્શનાર્થીઓની ભારે ભીડ રહેતી હોય છે. ત્યારે છાત્રોડા ગામમાં બાબા અમરનાથના દર્શન થઈ જાય તે માટે સમસ્ત છાત્રોડા ગામ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી છત્રેશ્વર-પત્રેશ્વર મહાદેવના મંદિર ખાતે સાતમ-આઠમના તહેવાર નિમિતે બાબા અમરનાથ બર્ફીલી ગુફાના દર્શનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તા.૨૫ અને ૨૬ ઓગસ્ટના બે દિવસ એટલે કે સાતમ-આઠમના બાબા અમરનાથ દર્શનનું આયોજન કરાયું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ છાત્રોડા ગામના છત્રેશ્વર-પત્રેશ્વર મહાદેવના મંદિર ખાતે બાબા અમરનાથની બર્ફીલી ગુફાના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાર ધામની પવિત્ર યાત્રાના દર્શન થઈ જાય તે માટે કેદારનાથ મંદિર દર્શન, બદ્રીનાથ મંદિરદર્શન, માં યમનોત્રી મંદિર દર્શન, માં ગંગોત્રી મંદિર દર્શન, રામ ઝુલા અને લક્ષ્મણ ઝુલા, માન સરોવર અને બાબા અમરનાથની બર્ફીલી ગુફાના દર્શનની સાથોસાથ ગ્રામિણ સંસ્કૃતિની અનુભૂતિ થાય તે માટેની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવે છે. ત્યારે આ દર્શનનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને સમસ્ત છાત્રોડા ગામ દ્વારા આંમત્રણ પાઠવવામાં આવે છે તેમ એક યાદીમાં જણાવાયું છે.



# ખંભાળિયાના જોધપુર ગેઈટમાં આખલો બેકાબૂ બન્યો : બિલ્ડીંગના પહેલા માળે ચડી ગયો

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૨૧

ખંભાળિયાના ટ્રાફિકથી વ્યસ્ત એવા જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલા એક કોમર્શિયલ કોમ્પ્લેકસના પહેલા માળે ગઈકાલે બપોરે એક આખલો ચડી જતા ભારે અફડાતફડી સર્જાઈ હતી. પશુ સેવકોએ લાંબી જહેમત બાદ સફળતાપૂર્વક આ આખલાને નીચે ઉતાર્યો હતો. ખંભાળિયાના જોધપુર ગેઈટ વિસ્તારમાં ચોક નજીકના એક કોમ્પ્લેક્સ પર મંગળવારે બપોરના સમયે એક આખલો ચડી ગયો હતો. જેથી આસપાસના વેપારીઓએ તેને નીચે ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ નિષ્ફળ નીવડ્યા હતા. આ અંગેની જાણ એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને કરવામાં આવતા કાર્યકરો તેમજ ફાયર સ્ટાફના જવાનો આ સ્થળે દોડી ગયા હતા. નીચે ઉતારવા જતા આખલા દ્વારા તમામને ઢિંકે ચડાવવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. પરંતુ આશરે બે કલાકની લાંબી જહેમત બાદ આ આખલાને રેસ્ક્યુ કરીને નીચે ઉતારવામાં સફળતા મળી હતી. જેથી સૌ કોઈએ રાહતનો દમ ખેંચ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પૂર્વે પણ એક આખલો આ રીતે અગાસી ઉપર ચડી ગયાનો બનાવ બનવા પામ્યો હતો. તેનું પણ પશુ સેવકો દ્વારા રેસ્ક્યુ કરાયું હતું.



# Viએ ગુજરાતના ૨૬ જીલ્લાઓમાં યુઝર્સના ઈન્ડોર નેટવર્ક અનુભવને વધાર્યો

## ૩,૩૦૦થી વધુ સાઈટ્સને L૯૦૦ ટેક્નોલોજીમાં અપગ્રેડ કરી, Vi GIGAnet ઉપર મજબૂત ઈન્ડોર નેટવર્ક પૂરૂ પાડ્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અગ્રણી ટેલિકોમ ઓપરેટર **Vi**એ ગુજરાતના ૨૬ જિલ્લાઓમાં મહત્વપૂર્ણ નેટવર્ક વધાર્યાની આજે જાહેરાત કરી હતી. કંપનીએ બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, વલસાડ, દ્વારકા, દાહોદ, બોટાદ, અરવલ્લી, મહીસાગર, કચ્છ, પંચમહાલ, નવસારી, ખેડા, પોરબંદર, મોરબી, અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગરમાં ૩,૩૦૦થી વધુ સાઈટ્સમાં સફળતાપૂર્વક L૯૦૦ ટેક્નોલોજી લાગુ કરી છે. આ ટેક્નોલોજી લાગુ કરવાથી **Vi** યુઝર્સ ખાસ કરીને વધુ વસ્તીવાળા શહેરી વિસ્તારો અને ગીચ સ્થળોએ શ્રેષ્ઠ ઈન્ડોર નેટવર્ક અનુભવ મેળવી શકશે. આ ઉપરાંત, **Vi**એ ગ્રાહકોને ઝડપી ડેટા સ્પીડ પ્રદાન કરવા માટે મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ સુરેન્દ્રનગર, અમરેલી, જામનગર અને ખેડામાં અનેક સાઈટ્સ પર ન્૨૧૦૦ ટેકનોલોજી સાથે ૧,૫૦૦થી વધુ સાઈટ્સ અપગ્રેડ કરી છે. આ વિસ્તરણ એ તેની ફોલો-ઓન પબ્લિક ઓફરિંગ (એફપીઓ)માં સફળતાપૂર્વક ફંડ એકત્રિત કર્યા પછી, તેના નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા અને તેના ગ્રાહકોને ફૈનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ નેટવર્ક અનુભવ પ્રદાન કરવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે. આ અંગે વોડાફોન આઈડિયાના ગુજરાતના ક્લસ્ટર બિઝનેસ હેડસુકાંતા દાસે જણાવ્યું હતું કે, "L૯૦૦ અને ન્૨૧૦૦ ટેક્નોલોજી લાગુ કરવી એ ગુજરાતમાં **Vi**ના ૪Gનેટવર્કને વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ ટેક્નોલોજી અપગ્રેડ **Vi** યુઝર્સને અમારા અત્યાર સુધીના શ્રેષ્ઠ નેટવર્ક **Vi GIGAnet** ઉપર મજબૂત ઈન્ડોર કવરેજ, શ્રેષ્ઠ કોલિંગ અને ઝડપી ડેટા સ્પીડનો અનુભવ કરવા સક્ષમ બનાવશે. આગળ જતાંઅમે અમારા નેટવર્કને મજબૂત કરવાનું ચાલુ રાખીશું અને અમારા ગ્રાહકોને આ ડિજિટલ વિશ્વમાં આગળ વધવા માટે અનન્ય ઓફરો લાવીશું." **Vi**એ તેના ગ્રાહકો માટે આકર્ષક ઓફર્સ અને પ્લાન પણ રજૂ કર્યા છે. ગુજરાતમાં તાજેતરની કેટલીક ઓફર્સ આ મુજબ છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મહિલા કચેરી દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૧

રક્ષાબંધનનો પર્વ ભાઈ-બહેનના વિશુદ્ધ પ્રેમની ઉજવણીનો પર્વ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ખંભાળિયા અને દ્વારકા પોલિસ સ્ટેશન, જિલ્લા પોલીસ વડા કચેરી ખાતે આવેલા મહિલા પોલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. મહિલા અને બાળ અધિકારી કચેરી સંલગ્ન ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલિસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર જેવા વિવિધ યોજનાકીય પ્રકલ્પોના કર્મચારીઓ દ્વારા આ તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. નાગરીકો અને તંત્ર વચ્ચેની નિકટતા અને વિશ્વાસ વધારવાના ઉમદા હેતુથી યોજાયેલ આ કાર્યક્રમમાં પોલીસ સ્ટેશનના અધિકારી અને કર્મચારીઓને રક્ષાબંધનના પવિત્ર પર્વ ઉપર રાખડી બાંધી તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ


# ડેથ ચેમ્બરો

સુપ્રીમ કોર્ટની એક હાલની આકરી ટિપ્પણી ઈતિહાસમાં નોંધાઈ ગઈ છે. ન્યાયાલયે સ્પષ્ટ કહ્યું કે વાસ્તવમાં કોચિંગ સેન્ટરો ડેથ ચેમ્બર (મોતનાં ઘર) બની ગયાં છે. સૌથી ખાસ પાસું એ છે કે અદાલતે કોચિંગ સેન્ટર દુર્ઘટનાની જાતે નોંધ લીધી છે. એવા બહુ ઓછા અવસર આવે છે, જ્યારે સર્વોચ્ચ ન્યાયાલય કોઈ મુદ્દાને પોતે નોંધ લેવા યોગ્ય સમજે છે. તેથી નોંધ લેતાં ન્યાયાલયે જે ઉદ્ગાર પ્રગટ કર્યા છે, તેના શબ્દોને સકારાત્મક રૂપે લેવાની જરૂરછે. એમાં કોઈ શંકા નહીં કે ૨૭ જુલાઈએ મધ્ય દિલ્હીના ઓલ્ડ રાજિંદર નગરમાં એક આઈએએસ કોચિંગ સેન્ટરના ભોંયરામાં ત્રણ સિવિલ સેવા અભ્યર્થીઓનાં મોત કોઈ સામાન્ય ઘટના નથી. ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ ઉજ્જવલ ભુઈયાંની પીઠે યોગ્ય જ કહ્યું કે કોચિંગ સેન્ટર દેશના વિભિન્ન હિસ્સાથી આવનાર અભ્યર્થીઓના જીવન સાથે રમત કરી રહ્યા છે. સુપ્રીમ કેન્દ્ર અને દિલ્હી સરકારને નોટિસ જારી કરવાની સાથે જ એમ પણ કહુયં છે કે આ ઘટના આંખો ખોલનારી છે અને કોઈપણ સંસ્થાને ત્યાં સુધી સંચાલનની અનુમતિ ન આપવી જોઈે, ?જાયં સુધી તે સુરક્ષા માપદંડોનું પાલન ન કરે. મતલબ, કોચિંગ સંસ્થા ત્યાં સુધી ઓનલાઈન કામ કરી શકે છે, જ્યાં સુધી તેઓ સુરક્ષા માપદંડો અને બુનિયાદી સુવિધાઓ પૂરી ન કરે.

આજે બધા જાણે છે કે કોચિંગ એક મોટો વ્યવસાય છે, કોચિંગ સંસ્થાઓ વચ્ચે કમાવાની હોડ જામી છે અને દરેક સંસ્થા વધુને વધુ છાત્રોને પોતાની તરફ ખેંચવા માગે છે. એ બહુ દુઃખદ છે કે એવી સંસ્થાઓનું ફોકસ છાત્રોની સુરક્ષા અને શિક્ષણની ગુણવત્તા પર નથી. અનેક સંસ્થાઓ એવી છે જેમણે શરૂઆતમાં બહુ ઉમદા કામ કર્યું, છાત્રો અને યુવાઓનું સાચું માર્ગદર્શન કર્યું, પરંતુ હવે તેઓ શિક્ષણની દુકાન જેવા બની ગયા છે, જ્યાં પૈસાનું તો મૂલ્ય છે, પરંતુ જીવન અને શિક્ષણની ગુણવત્તા હાંશિયા પર ધકેલી દેવામાં આવે છે. સર્વોચ્ચ ન્યાયાલય જો એવા પ્રતિકૂળ કે બગડેલા માહોલમાં આમૂલ સુધારની કોશિશોને આગળ વધારી શકે, તો આપણી શિક્ષણ વ્યવસ્થા માટે એનાથી બહેતર બીજું કશું ન હોઈ શકે. ન્યાયાલયની ભાવનાને અનુરૂપ જ સરકારોએ નિયમ-કાયદા બનાવા જોઈએ. એ બહુ જરૂરી છે કે ન્યાયાલયોની ગંભીરતા બની રહે, ત્યારે જ સમસ્યાઓને મૂળમાંથી ઉખાડી શકાશે. એમ તો ઉલ્લેખનીય છે કે દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે જ કોચિંગ દુર્ઘટનાની તપાસ દિલ્હી પોલીસ પાસેથી લઈને સીબીઆઇને સોંપી દીધી છે. હાઈકોર્ટ પણ ઈચ્છે છે કે જનતાને તપાસ પર કોઈ શંકા ન થાય. મતલબ સીબીઆઇના હાથમાં એક મોટી જવાબદારી છે. આ પ્રકરણમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવું પડશે. દોષીઓની ઓળખ જરૂરી છે, સાથે જ દોષ ઘટિત થવાની આખી પ્રક્રિયાને સમજવી પણ જરૂરી છે. મામલો કોઈ એક સંસ્થાની ખામીનો નથી, બલ્કે સમગ્રતામાં વ્યવસ્થાની લાપરવાહી કે ઉદાસીનતાનો છે. એ જાણવું પડશે કે એવી જીવલેણ સંસ્થાઓને ચલાવનારા અને બચાવનારા લોકો કેવી રીતે કામ કરે છે? જો ખામીઓનો સાચો ખુલાસો થયો, તો કોચિંગ સંસ્થાઓના સંચાલનની નીતિ બનાવવામાં સુવિધા તશે. સચોટ સમાધાન સુધી ન્યાયાલયોની સક્રિયતા જળવાઈ રહેવી જોઈએ.

### Mpox એક વાયરલ ચેપ છે

# કોરોનાની રસી બનાવતી સીરમ ઈન્સ્ટિટ્યુટે Mpoxની રસી બનાવવાની કરી જાહેરાત







## સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એમપોક્સની રસી પર કામ કરી રહ્યા છે

નવી દિલ્હી,તા.૨૧

વિશ્વના ઘણા દેશોમાં **Mpox** વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરમિયાન, સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનું કહેવું છે કે તેઓ એમપોક્સની રસી પર કામ કરી રહ્યા છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યું, 'એમપોક્સ ફાટી નીકળવાના કારણે જાહેર કરાયેલી વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટીને ધ્યાનમાં રાખીને, અમે લાખો લોકોને મદદ કરવા માટે એક રસી વિકસાવવા પર કામ કરી રહ્યા છીએ. આશા છે કે, એક વર્ષની અંદર અમને આનાથી સંબંધિત સારા સમાચાર મળશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટે પોતે જ કોરોનાની રસી વિકસાવી હતી.મંકીપોક્સ એ એક વાયરલ રોગ છે જે મંકીપોક્સ વાયરસથી થાય છે, જે ઓર્થોપોક્સ વાયરસ જીનસની એક પ્રજાતિ છે. એમપોક્સ પહેલા મંકીપોક્સ તરીકે ઓળખાતું હતું. ૧૯૫૮માં વાંદરાઓમાં 'પોક્સ-જેસી' રોગ ફાટી નીકળ્યો ત્યારે વૈજ્ઞાનિકો દ્વારા આ વાઈરસને સૌપ્રથમ ઓળખની પૃષ્ઠી કરવામાં આવી હતી.

**Mpox** એક વાયરલ ચેપ છે જે મુખ્યત્વે ચેપગ્રસ્ત વ્યક્તિ અથવા પ્રાણીના સંપર્ક દ્વારા ફેલાય છે. એમપોક્સ ચેપગ્રસ્ત ત્વચા, મોં અથવા જનનાંગોના સીધા સંપર્ક દ્વારા એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. મધ્ય અને પશ્ચિમ આફ્રિકામાં મોટાભાગના કેસો એવા લોકોમાં જોવા મળ્યા છે જેઓ ચેપગ્રસ્ત પ્રાણીઓના સંપર્કમાં હતા. નિષ્ણાતો કહે છે કે આ ચેપ કપડા, દૂષિત વસ્તુઓ, ટેટૂની દુકાનો, પાર્લર અથવા અન્ય જાહેર સ્થળોએ ઉપયોગમાં લેવાતી સામાન્ય વસ્તુઓના ઉપયોગથી પણ ફેલાય છે. ચેપગ્રસ્ત પ્રાણીઓના કરડવાથી, ખંજવાળ, ખાવાથી અથવા અન્ય પ્રવૃત્તિઓ દ્વારા પણ વાયરસ પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાય છે.

એમપોકસથી સંક્રમિત લોકો ઘણીવાર શરીર પર ફોલ્લીઓ થાય છે જે હાથ, પગ, છાતી, ચહેરા અથવા મોં પર અથવા જનનાંગોની આસપાસ દેખાઈ શકે છે. આ પુસ્ટ્યુલ્સ (મોટા સફેદ કે પીળા પુસ્ટ્યુલ્સ પુસથી ભરેલા હોય છે) અને રૂઝ આવે તે પહેલા સ્કેબ બનાવે છે. તેના અન્ય લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો અને સ્નાયુઓમાં દુખાવો પણ સામેલ છે. લસિકા ગાંઠો પણ ફૂલી શકે છે કારણ કે તેઓ વાયરસ સામે લડવાનો પ્રયાસ કરે છે અને ભાગ્યે જ કિસ્સાઓમાં વાયરસ જીવલેણ બની શકે છે. આનાથી સંક્રમિત વ્યક્તિ શરૂઆતના લક્ષણોથી લઈને ફોલ્લીઓ દેખાય અને પછી ઠીક થઈ જાય ત્યાં સુધી ઘણા લોકોને ચેપ લગાવી શકે છે.

સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન **(CDC)** મુજબ, એમપોક્સના લક્ષણો વાયરસના સંપર્કમાં આવ્યાના ૨૧ દિવસની અંદર દેખાવાનું શરૂ થાય છે. એમપોક્સના સંપર્કમાં આવવાથી લઈને લક્ષણો દેખાવા સુધીનો સમય ૩ થી ૧૭ દિવસનો છે. આ સમય દરમિયાન વ્યક્તિમાં કોઈ લક્ષણો દેખાતા નથી. પરંતુ આ સમય પૂરો થયા પછી વાયરસની અસર દેખાવા લાગે છે.

**MPOX** માટે હજુ સુધી કોઈ ચોક્કસ સારવાર નથી. જો કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) પીડા અને તાવ જેવા તેના લક્ષણો માટે દવા આપવાની ભલામણ કરે છે. સીડીસી કહે છે કે જો દર્દીની રોગપ્રતિકારક શક્તિ સારી હોય અને તેને ચામડીનો રોગ ન હોય તો તે કોઈપણ સારવાર વિના પણ સાજો થઈ શકે છે. તેને ફકત સંભાળની જરૂર પડશે.

### દુનિયાભરમાં મંકીપોકસ રોગ ફેલાયો

# વિશ્વમાં મંકીપોકસના કેસ વધતા કેન્દ્ર સરકાર એલર્ટ બની

## નરેન્દ્ર મોદીના વડા સચિવ પીકે મિશ્રાએ રવિવારે મંકીપોક્સ અંગે દેખરેખ અને સાવચેતી રાખવાની તૈયારીઓની સમીક્ષા કરવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી





નવીદિલ્હી,તા.૨૧

વિશ્વભરમાં મંકીપોકસ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જેના અંગે કેન્દ્ર સરકારે પણ એલર્ટ આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડા સચિવ પીકે મિશ્રાએ રવિવારે મંકીપોક્સ અંગે દેખરેખ અને સાવચેતી રાખવાની તૈયારીઓની સમીક્ષા કરવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સ્થિતિ પર સતત દેખરેખ રાખી રહ્યા છે, જો કે દેશમાં હજી સુધી મંકીપોક્સનો કોઈ કેસ નોંધાયો નથી.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આફ્રિકાના ઘણા ક્ષેત્રોમાં મંકીપોક્સના કેસોની વધતી સંખ્યા અને પ્રસરણને જોતાં તેને જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે. બેઠકમાં જણાવ્યું હતું કે, મંકીપોકસની બીમારી સેલ્ફ લિમિટેડ હોય છે. જે બેથી ચાર સપ્તાહ સુધી રહે છે. જેમાં દર્દી આરોગ્ય સંભાળ અને સારવારથી સાજા થઈ જાય છે. લાંબો સમય મંકીપોક્સના દર્દી સાથે રહેવાથી તેનો ચેપ લાગી શકે છે. ભારત માટે તેના જોખમનું આંકલન કરવા માટે ૧૨ ઓગસ્ટે એનસીડીસીના નિષ્ણાતોએ એક બેઠક યોજી હતી. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આરોગ્ય ટીમોને તૈનાત કરવામાં આવી છે.પીકે મિશ્રાના નેતૃત્વ હેઠળ આ બીમારીની ગંભીરતાને ધ્યાનમાં રાખતાં અસરકારક પગલાં લેવા નિર્દેશ કરવામાં આવ્યા છે. જેના માટે ટેસ્ટ લેબોરેટીના નેટવર્ક તૈયાર કરવામાં આવ્યા છે. હાલ ૩૨ લેબોરેટી સજ્જ છે. બીમારી અટકાવવા અને સારવાર માટે પ્રોટોકોલ મોટાપાયે પ્રસારિત કરવામાં આવશે. જેથી લોકોમાં આ બીમારી અંગે જાગૃત્તિ ફેલાય અને લક્ષણો દેખાતાં જ સારવાર શરૂ કરવામાં આવે.

**WHO** ના અહેવાલ અનુસાર, ૨૦૨૨થી વૈશ્વિક સ્તરે ૧૧૬ દેશોમાં મંકીપોક્સના લીધે ૯૯૧૭૬ કેસો નોંધાયા છે, જેમાં ૨૦૮ મોત થઈ હતી. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં મંકીપોક્સના કેસો ઝડપથી વધી રહ્યા છે. ગતવર્ષે તેમાં અનેકગણો વધારો થયો હતો.

જો કે, ગતવર્ષની તુલનાએ આ વર્ષે અત્યારસુધીમાં અહીં મંકીપોક્સના કારણે લગભગ ૧૫૬૦૦થી વધુ કેસ અને ૫૩૭ મોત થઈ ચૂક્યા છે. ડબ્લ્યૂએચઓ દ્વારા જાહેર આરોગ્ય કટોકટીની જાહેરાત થયા બાદ ભારતમાં ૩૦ કેસો નોંધાયા હોવાનો અહેવાલ છે.

સત્તાવાર સુત્રોએ જણાવ્યું છે કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તમામ એરપોર્ટ પર મંકીપોક્સ અંગે એલર્ટ જારી કર્યું છે. જેમાં અમેરિકા, આફ્રિકા, ખાડી દેશો ઉપરાંત પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવતા મુસાફરોમાં આ બીમારીનું ચેકિંગ વધાર્યું છે. મંકીપોક્સના લક્ષણો જણાતાં તાત્કાલિક ધોરણે પગલાં લેવા નિર્દેશ કર્યો છે. મંત્રાલયે મંકીપોક્સની સારવાર માટે દિલ્હીમાં ત્રણ હોસ્પિટલ રામ મનોહર લોહિયા, સફદરજંગ અને લેડી હોર્ડિંગને નોડલ સેન્ટર બનાવી છે.

# ગુજરાતમાં રક્ષાબંધનના દિવસે ૧૭ તાલુકાઓમાં થઈ મેઘમહેર

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં રક્ષાબંધનના દિવસે રાજ્યમાં કુલ ૧૭ તાલુકાઓમાં મેઘમહેર થઈ છે. આ ૧૭ તાલુકામાં ભાવનગરના તળાજા અને નવસારીના ખેરગામ તાલુકામાં એક ઈંચથીવધારે વરસાદ વરસ્યો હતો. બાકીનામાં એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

આમ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવસારી જિલ્લાના નવસારી, ખેરગામ, જલાલપોર અને ભાવનગર જિલ્લાના તળાજા ઉપરાંત પંચમહાલના શેહરા, ડાંગ ડાંગ-આહવા,વઘાઈ, તાપીના વાલોદ અને ડોલવણ તથા વ્યારા, વલસાડના કપરાડા, અમરેલીના ખાંબા, રાજકોટના ગોંડલ,સાબરકાંઠાના ઈડર, બોટાદના રાનપુર, વલસાડના ધરમપુરમાં વરસાદ પડ્યો હતો. આ વખતે ઓગસ્ટમાં વરસાદ હજી જોઈએ તેટલો થયો નથી. રાજ્યમાં સીઝનનો કુલ ૭૦ ટકાથી વધારે વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ ઉત્તર ગુજરાતમાં પડ્યો છે. કચ્છ પછી સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં પડ્યો છે. હવામાન વિભાગ દ્વારા તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ સાથે જ આજે કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના, સોરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના અમદાવાદ, ખેડા, આણંદ, મહીસાગર, પંચમહાલ અને દાહોદમાં અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના તેમજ દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના વડોદરા અને છોટા ઉદેપુરમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પ્રસન્નતા જીવનમાં સરળતા આપે છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૨ બુધ પૂજન, પંચક તા.૨૧ ઓગષ્ટ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૧૬, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, સુકર્મા યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૦, સૂ.અ.૭:૧૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સાંજે ૭:૧૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આકસ્મીક ધન લાભ થાય. દિવસ આનંદમય વ્યતિત થાય.
વૃષભ:લાભની તક સાંપડે. નવિન કાર્યોમાં સફળતા મળે.
મિથુન:માનસિક અશાંતિ અનુભવાય. મનની મુરાદ બર ન આવે.
કર્ક: માનસિક આનંદ અનુભવાય. મુલાકાત સફળ બને.
સિંહ: મનમાં ચંચળતા રહે. આર્થિક લાભની તક સાંપડે.
કન્યા: વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. કાર્યમાં સફળતા મળે.
તુલા: નવિન પ્રગતિની તક સાંપડે. મનમાં પ્રફુલિતતા રહે.
વૃશ્ચિક:આરોગ્ય બાબતે સંભાળવું. પ્રવાસ-પર્યટનમાં લાભ.
ધન: અગત્યના કાર્યો વિલંબમાં પડે. કાર્યબોજમાં વધારો થાય.
મકર: અકારણ ગુસ્સો રહે. આર્થિક સમસ્યા તીવ્ર બને.
કુંભ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. શેર-સટ્ટાથી લાભ થાય.

# રાશનની દુકાન હવે જન પોષણ કેન્દ્રના નામે ઓળખાશે

અમદાવાદ,તા.૨૧

સસ્તા અનાજની દુકાનોને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવાના પાઈલટ પ્રોજેકટની આજથી શરૂઆત થઈ છે. ત્યારે અમદાવાદના સાબરમતી વિસ્તારમાં જન પોષણ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં કેન્દ્રીયમંત્રી પ્રહલાદ જોશી વર્ચ્યુઅલ જોડાયા હતા. દેશનાં ૪ રાજ્યોમાં ૬૦ વાજબી ભાવની દુકાનાને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. જેમાં ૫૦ ટકાથી વધુ પોષણયુકત અને પૌષ્ટિક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી વેપારીની આવકમાં વધારો થશે અને લોકોને પોષણયુક્ત વસ્તુઓ સીધી ખરીદી શકશે. તેમજ લોકોમાં પૌષ્ટિક વસ્તુઓને લઈને જાગૃતિ હેતુ શરૂ કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં ૩.૫ લાખ વાજબી ભાવની દુકાનો આવેલી છે. જેમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ફ્રી રાશનનું વિતરણ કરવામાં આવે છે.

જેમાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું હતું કે, દેશના દરેક નાગરિકોની ચિંતા કરીને આ 'જન પોષણ કેન્દ્ર'નો પ્રારંભ કર્યો છે. નરેન્દ્ર મોદી ત્રીજી વખત પીએમ બન્યા બાદ પોતાના ૧૦૦ દિવસના કાર્યક્રમમાં જન પોષણ કેન્દ્રને લક્ષ્ય હતું. જે આજે સાકાર થયું છે. દિલ્હી ખાતેથી કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોશીના હસ્તે પ્રારંભ થયો છે.આ પ્રોજેકટ અંતર્ગત આજે અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકારમાન્ય વાજબી ભાવની દુકાનોને જન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. આવનારા સમયમાં રાજ્યનાં વિવિધ શહેર અને જિલ્લાઓમાં પણ તબક્કાવાર જન પોષણ કેન્દ્રનો પ્રારંભ કરવાનો લક્ષ્યાંક છે.

વર્તમાન સમયમાં ભાવનગરમાં તહેવારોમાં સસ્તા અનાજનો જથ્થો ન પહોંચવાના મામલા અંગે પણ રાજ્યકક્ષાના મંત્રી ભીખુ સિંહ પરમારે જણાવ્યું હતું કે,રાજ્ય સરકારે તપાસના આદેશ આપ્યા છે. ગઈકાલે અનાજમાં ઘટ હોવાની ફરિયાદો ઉઠી હતી. જો કોઈ ભૂલ અથવા ખામી સામે આવશે તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ વાત કરી હતી. આ ઉપરાંત રાજકોટ સરકારી ગોડાઉનમાંથી ૮૦૦૦ લિટર તેલ ગાયબ થવા અંગે પણ કહ્યું કે, રાજ્ય સરકાર આ મુદ્દે પણ ખૂબ ગંભીર છે.આ સમગ્ર મુદ્દે સરકાર નિષ્પક્ષ તપાસ કરશે. તેમજ જન પોષણ કેન્દ્રના શુભારંભ સમારોહમાં કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોશીએ વર્ચ્યુઅલ માધ્યમથી વાજબી ભાવના દુકાનદાર તથા જન પોષણ કેન્દ્રના લાભાર્થી સાથે સંવાદ કર્યો હતો. જન પોષણ કેન્દ્ર યોજના ભારત સરકારના ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન વિભાગ દ્વારા ફેર પ્રાઈઝ શોપ્સ (એફપીએસ)ને 'જન પોષણ કેન્દ્ર માં પરિવર્તિત કરવા માટે પહેલ માટેની છે. આ પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ વાજબી ભાવના દુકાનદારોની ભૌતિક માળખાકીય, નાણાકીય સ્થિરતા વધારી શકે તેવા અને વાજબી ભાવની દુકાનેથી લાભાર્થીઓને પોષક તત્ત્વો મળે તેવો પ્રયાસ છે.આ વાજબી ભાવની દુકાનો ખાતેથી ઘઉં અને ચોખા સિવાય અન્ય પૌષ્ટિક ચીજવસ્તુઓ જેમ કે વિવિધ કઠોળ, દૂધ, મસાલા, ખાદ્યતેલ વગેરેનું પણ વિતરણ થઈ શકે એ આ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘરાજાની તોફાની બેટિંગ, ખેડૂતોમાં ખુશીનો માહોલ

અમદાવાદ,તા.૨૧

સવારથી જ રાજ્યના ઘણા જિલ્લાઓના વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે સવારે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારીમાં વરસાદ શરૂ થયો હતો. જે બાદ હવે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પણ વરસાદની શરૂઆત થયા બાદ સાંજે કચ્છ સુધી મેઘસવારી પહોંચી છે. રાપર શહેરમા મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. અહીં એક કલાકમા બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

ભારે ઉકળાટ વચ્ચે રાપર શહેર નંદાસર, રવ, કલ્યાણપર, સલારી, ગેડી ફતેહગઢ સહિતના વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટા પડ્યા છે. હતારાપરમા દોઢ બે કલાક સુધી ભારે વરસાદ વરસતા નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. શહેરની મુખ્ય બજારોમાં નદીઓ વહેતી થઈ હતી. લાંબા વિરામ બાદ વરસાદ વરસતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

ભાવનગર જિલ્લામાં વાતાવરણ પલટાયું છે. ત્યારે ગારીયાધાર તાલુકાના વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ગારીયાધાર, ચોમાલ, વાવડી, પરવડીમાં વરસાદ પડતા ખેડૂતોને રાહત થઈ છે. ચારોડીયા, સુરનગર, માંડવી, નવાગામ, દમરલામાં પણ વરસાદ પડ્યો છે. લાંબા સમયનાં વિરામબાદ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

# જ્ઞાન સહાયકના મેરિટ લિસ્ટમાં ૧૬ હજાર કરતાં વધુનો સમાવેશ

અમદાવાદ, તા.૨૧

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની નિમણૂકને લઈ શિક્ષણ વિભાગ દ્વારા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું છે. જેમાં માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયક બનવા માટેના મેરિટ લિસ્ટમાં ૧૦૯૧૨ ઉમેદવાર અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયક બનવા માટે ૫૧૭૨ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે. આમ, જ્ઞાન સહાયક માટેના મેરિટ લિસ્ટમાં કુલ ૧૬૦૮૪ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં કાયમી શિક્ષકોની જગ્યા ન ભરાય ત્યાં સુધી જ્ઞાન સહાયકના માધ્યમથી શિક્ષણ આપવાનું નક્કી કરાયું હતું. આ માટે ગત વર્ષે જ્ઞાન સહાયકોની પસંદગી કરવામાં આવ્યા બાદ ચાલુ વર્ષે ઘણા જ્ઞાન સહાયકોના કરાર રિન્યૂ પણ કરવામાં આવ્યા હતા. જો કે, આમ છતાં રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યા ખાલી હોવાથી આ જગ્યા પર જ્ઞાન સહાયકની ભરતી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્ઞાન સહાયક બનવા માટેના મેરિટ લિસ્ટમાં માધ્યમિક વિભાગમાં ૧૦૯૧૨ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં ૮૮, ગુજરાતી માધ્યમમાં ૧૦૮૦૬ અને હિન્દી માધ્યમમાં ૧૮ ઉમેદવારોનો વિવિધ વિષયના મેરિટ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં જ્ઞાન સહાયક બનવાના મેરિટ લિસ્ટમાં કુલ ૫૧૭૨ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં ૩૯, ગુજરાતી માધ્યમમાં ૫૧૦૪ અને હિન્દી માધ્યમમાં ૨૯ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે.

# મહિલા રમતથી પુરૂષોને દૂર રાખવા જોઈએ : ડોનાલ્ડ ટ્રમ્પ



વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઓલિમ્પિકના 'લિંગ' વિવાદને વેગ આપ્યો છે. તાજેતરમાં પૂર્ણ થયેલા પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર બે બોક્સરની ટીકા કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, 'પુરૂષોને મહિલા રમતથી દૂર રાખવા જોઈએ'. પેન્સિલવેનિયામાં એક રેલી દરમ્યાન ટ્રમ્પે પુરૂષોને મહિલા રમતોથી દૂર રાખવાનું વચન આપ્યું હતું. તમને જણાવી દઈએ કે, આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે ઓલિમ્પિકમાં લિંગ વિવાદનો મુદ્દો ઊઠાવ્યો હોય. તેઓ પોતાની રેલીઓમાં આ વાતનો સતત ઉલ્લેખ કરી રહ્યા છે. તેને એલોન મસ્ક ઉપરાંત અન્ય ઘણી હસ્તીઓનું સમર્થન છે. જો કે, તે આ મુદ્દા ઉપર આવી ભાષાનો ઉપયોગ કરી રહ્યો છે જેની LGBTQ+ જૂથો દ્વારા પણ ટીકા કરવામાં આવી રહી છે. તાજેતરમાં યોજાયેલી પેરિસ ઓલિમ્પિકમાં બે મહિલા એથ્લેટને લઈને સવાલો ઊભા થયા હતા. ટ્રમ્પે કહ્યું કે, તે મહિલાઓ માટે જોખમી છે. વાસ્તવમાં પેરિસ ઓલિમ્પિકમાં બોક્સિંગ મેચમાં ઈટાલીની એન્જેલા કેરિની અને અલ્જેરિયાની ઈમાન ખલીફ વચ્ચે મેચ ચાલી રહી હતી. એન્જેલા માત્ર ૪૬ સેકન્ડમાં મેચમાંથી ખસી ગઈ હતી. એન્જેલાએ પાછળથી દાવો કર્યો કે, તેને આટલો જોરદાર મુક્કો ક્યારેય મળ્યો નથી. આ વીડિયો શેર કરતી વખતે ટ્રમ્પે પણ સવાલો ઊઠાવ્યા હતા. DSDનો અર્થ એ છે કે, જે વ્યક્તિના શરીરમાં સ્ત્રી રંગસૂત્રો હોય અથવા સ્ત્રીના શરીરમાં પુરૂષ રંગસૂત્રો હોય. તેમને જૈવિક રીતે પુરૂષ કે સ્ત્રી કહેવાનું પણ ટાળવામાં આવે છે કારણ કે, મામલો ખરેખર જટિલ છે. સ્ત્રીના શરીરમાં પુરૂષ હોર્મોન્સ અને રંગસૂત્રોના કારણે શક્તિ પણ સ્ત્રીઓ કરતાં થોડી વધારે હોઈ શકે છે.

# ઉદયપુરના ૧૫ વર્ષના પીડિતનું સારવાર દરમ્યાન મોત; પ્રદેશમાં તંગ વાતાવરણ

ઉદયપુર તા.૨૧

રાજસ્થાનના ગૃહમંત્રી જવાહર સિંહ બેધમે કહ્યું કે સરકાર આરોપીઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરશે અને પીડિતાના પરિવારને દરેક રીતે મદદ કરશે. રાજસ્થાનના ઉદયપુરમાં શુક્રવારે હોમવર્ક બાબતે થયેલા ઝઘડા બાદ તેના ક્લાસમેટ દ્વારા ૧૫ વર્ષના છોકરાનું મોત થયું હતું. આ મુદ્દો શહેરના હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સાંપ્રદાયિક ભડકામાં ફેરવાઈ ગયો હતો. રાજસ્થાનના ગૃહમંત્રી જવાહર સિંહ બેધમે કહ્યું, "અમારા તમામ પ્રયત્નો છતાં સગીરનું મોત થયું. રક્ષાબંધનના અવસર ઉપર આ એક દુઃખદ ઘટના છે. અમે તેને ઈલાજ કરવા માટે શક્ય તેટલી શ્રેષ્ઠ રીતો અજમાવી છે. પીડિતના પરિવાર પ્રત્યે મારી સંવેદના. સરકાર આરોપીઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરશે, જ્યારે અમે પીડિતાના પરિવારને દરેક રીતે મદદ કરીશું. એમબી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.આર. એલ. સુમને જણાવ્યું હતું કે, "સોમવારે બપોરે તેની તબિયત અચાનક બગડી હતી ત્યારબાદ મંગળવારે સગીરે દમ તોડી દીધો હતો. મૃતદેહને હોસ્પિટલના શબઘરમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે." શુક્રવારે, બે સગીરોએ વચ્ચે હોમવર્કને લઈને ઝગડો થયો હતો, પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. "તેઓ અગાઉના દિવસોથી ઝઘડામાં હતા કારણ કે આરોપીઓએ હોમવર્કની નકલ માંગી હતી, પરંતુ પીડિતે તે કોઈ અન્યને આપી હતી. ઉદયપુરના પોલીસ અધિક્ષક યોગેશ ગોયલે જણાવ્યું હતું કે, "શુક્રવારે, જ્યારે બંને વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી, ત્યારે આરોપીએ પીડિતને ચાકુ માર્યુ હતું, જેના કારણે તેના પેટમાં ગંભીર ઈજા થઈ હતી." પીડિતને સ્થાનિક મહારાણા ભોપાલ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને બાદમાં શનિવારે તેની સારવાર માટે જયપુર અને કોટાથી બે વિશેષ તબીબી ટીમોની પણ નિમણૂક કરવામાં આવી હતી. આરોપી વિરૂધ્ધ BNSની કલમ ૧૦૯, ૧૧૫ અને ૧૨૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. સગીર આરોપી અને તેના પિતાની અટકાયત કરવામાં આવી છે, ગોયલે જણાવ્યું હતું કે, પિતા અને તેના પુત્રની શાળામાં



ખંજર લઈ જવા અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે જિલ્લામાં કોમી અથડામણ પણ થઈ હતી. ગોયલે જણાવ્યું હતું કે, "એક ટોળું રસ્તા ઉપર ઉતરી આવ્યું હતું, ઘણી કારને આગ ચાંપી હતી અને પથ્થરમારો કર્યો હતો જેના પગલે પ્રશાસનને પ્રતિબંધિત આદેશો લાદવા અને ઈન્ટરનેટને સ્થગિત કરવાના પગલાં લેવા પડ્યા હતા." અથડામણ બાદ પોલીસે અજાણ્યા લોકો સામે બે કેસ દાખલ કર્યા હતા અને રવિવાર સુધીમાં ૧૫થી ૨૦ લોકોની અટકાયત કરી હતી. રવિવારે, પીડિતના પરિવારે પણ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તેમને હોસ્પિટલમાં પીડિતને મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી, આ આરોપને પોલીસે ફગાવી દીધો હતો. પીડિતાની માતાએ આક્ષેપ કર્યો હતો કે, "તેઓએ મારા પુત્રને મારી નાખ્યો છે. હવે, વહીવટીતંત્ર અમને તેને મળવા દેતું નથી,",તેણે મુખર્જી નગર ચોકથી ૩૦થી ૪૦ મહિલાઓના જૂથની રેલીનું નેતૃત્વ કર્યું હતું, જે મોટાભાગે મુસ્લિમોના કબજામાં છે. સૂત્રોચ્ચાર કરતા, વિરોધીઓ મહારાણા ભૂપાલ (એમબી) હોસ્પિટલમાં પહોંચ્યા, જ્યાં છોકરો સારવાર હેઠળ હતો અને તેના પરિવારને તેને મળવા દેવાની માંગ કરી. જ્યારે જિલ્લા કલેક્ટર અરવિંદ પોસવાલ સ્થળ ઉપર પહોંચ્યા, ત્યારે વિરોધીઓએ આરોપ લગાવ્યો કે પીડિત ઈજાને પગલે મોતને ભેટ્યો છે અને પરિવારને અંધારામાં રાખવામાં આવ્યો હતો તે પછી બંને પક્ષો વચ્ચે દલીલ થઈ હતી.

# ભારતમાં કયો ઉદ્યોગપતિ સૌથી વધુ ટેક્સ ચૂકવે છે?





નવી દિલ્હી, તા.૨૧

એ જાણવું જરૂરી છે કે કોઈ પણ વેપારીની કોઈ અંગત મિલકત નથી. તેમની સંપત્તિ કંપનીઓના નામે છે. આવી સ્થિતિમાં, કમાણી પણ તેમની કંપનીઓના હિસ્સામાં જાય છે. આ ઉપરાંત તમામ પ્રકારના ટેક્સ પણ કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવે છે. ભારત અને એશિયાના સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણી ફોર્ચ્યુન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ એ ભારતનું સૌથી મોટું જૂથ છે જેની માર્કેટ કેપ રૂ. ૧૯.૬૮ લાખ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ માં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે સરકારને ૨૦,૭૧૩ કરોડ રૂપિયાથી વધુનો મહત્તમ ટેક્સ ચૂકવ્યો છે. એટલે કે મુકેશ અંબાણી ભારતમાં સૌથી વધુ ટેક્સ ચૂકવે છે. બેંક અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. ગત નાણાકીય વર્ષમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ આવકવેરા તરીકે કુલ રૂ. ૧૭,૬૪૯ કરોડ એકત્ર કર્યા છે. તે જ સમયે, HDFC બેંકે કુલ રૂ. ૧૫,૩૫૦ કરોડનો આવકવેરો ચૂકવ્યો છે. SBI એક સરકારી સંસ્થા છે. અતનુ ચક્રવર્તી હાલમાં એચડીએફસી બેંકના પાર્ટ ટાઈમ ચેરમેન અને સ્વતંત્ર ડિરેક્ટર છે નાણાકીય વર્ષ ૨૦૨૩ માં ભારત સરકારને રૂ. ૧૪,૬૦૪ કરોડનો ટેક્સ ચૂકવ્યો છે.હાલમાં બીજી સૌથી મોટી લિસ્ટેડ કંપની છે. હાલમાં ટાટા ગ્રુપના ચેરમેન રતન ટાટા છે. બેંક - ભારતની ચોથી સૌથી મોટી કંપની બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ભારત સરકારને ટેક્સ તરીકે રૂ. ૧૧૭૯૩ કરોડ ચૂકવ્યા છે. હાલમાં સંદીપ બક્ષી તેના છે. વર્ષ ૨૦૧૮માં તેમને ચંદા કોચરની જગ્યાએ નવા ચીફ ઓપરેટિંગ ઓફિસર બનાવવામાં આવ્યા હતા. આઈટી સેક્ટરની અન્ય કંપની ઈન્ફોસિસે ગયા વર્ષે કુલ રૂ. ૯૨૧૪ કરોડ ટેક્સ તરીકે ચૂકવ્યા હતા. ઈન્ફોસિસ વિશ્વના ૫૬થી વધુ દેશોમાં તેની સેવાઓ પ્રદાન કરે છે. એન.આર. નારાયણમૂર્તિ તેના સ્થાપક છે. તમને જાણીને નવાઈ લાગશે કે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી ભારતના ટોપ ૧૦ કરદાતાઓમાં સામેલ નથી.

## રાજ્યમાં ચિંતાજનક સ્તરે આપઘાતના બનાવો

# રાજકોટમાં માત્ર ૨૪ કલાકમાં જ ૬ લોકોનાં આપઘાતથી ભારે ચકચાર



રાજકોટ તા.૨૧

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી આપઘાતની ઘટનાઓમાં વધારો થયો છે. તેનાથી એવું સાબિત થાય છે કે લોકો જીવન જીવવાને લઈ અનેક હાડમારીઓનો સામનો કરી રહ્યા છે. તો બીજી તરફ લોકોમાં ધીરજ અને આત્મવિશ્વાસ ઘટી રહ્યા છે ત્યારે રાજકોટમાં ૨૪ કલાકમાં વેપારી સહિત ૬ લોકોએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. મિત્રએ લોન ન ચૂકવતા વેપારીએ દુકાનમાં જ ગળાફાંસો લગાવી લીધો હતો, જ્યારે એક કિસ્સામાં કારખાનેદારના યુવાન પુત્રએ મોત વ્હાલું કર્યુ છે. જેમાં આપઘાતનું કારણ અકળ છે.

પ્રથમ બનાવવામાં મોરબી રોડ ઉપર જકાતનાકા પાસે સંગીતા પાર્કમાં રહેતા જીવનભાઈ રતાભાઈ રાઠોડ (ઉ.વ.૬૨) તેઓએ ગત તા.૧૦-૮ના રોજ પોતાના ઘરે હતા ત્યારે એસિડ પી જતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેનું સારવારમાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે પોલીસે તપાસ કરતા વૃદ્ધ છેલ્લા કેટલાક સમયથી માનસીક બીમારી હોય અને પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. બીજા બનાવમાં મવડી પાસે ૪૦ ફૂટ રોડ પર શ્રી એપાર્ટમેન્ટમાં રહેતા અને અંબિકા ટાઉનશિપ પાસેની કસ્તૂરી શાક માર્કેટ પાસે ડી-માઈક નામે જનરલ સ્ટોરની દુકાન ચલાવતા વેપારી ગોકુલભાઈ નાગજીભાઈ ગજેરા (ઉ.વ.૩૬) એ પોતાની દુકાનમાં ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. જેની જાણ રાજકોટ તાલુકા પોલીસને થતાં તુરંત દોડી ગયો હતો. ત્રીજા બનાવમાં વડાળી ગામે રહેતાં દેવદીપસિંહ વિરમદેવસિંહ જાડેજા (ઉ.વ.૨૦) નામનો યુવકે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ લેતા તાકિદે યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કરતા ગમગીની છવાઈ ગઈ હતી. આપઘાતનું કારણ જાણવા આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ચોથા બનાવમાં મોરબી રોડ સીતારામ સોસાયટીમાં રહેતાં નુતનબેન મેહુલભાઈ સોલંકી (ઉ.વ.૩૪) તેણીએ પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં જેની જાણ ૧૦૮ને થતાં ત્યાં ટીમ પહોંચી જોઈ તપાસી મૃત જાહેર કરી હતી. બનાવની જાણ બી ડિવિઝન પોલીસને કરાઈ હતી પોલીસો આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. પાંચમાં બનાવમાં યુનિવર્સિટી રોડ ઉપર શીવ સંગમ સોસાયટી શેરી નં-૩માં રહેતાં પાર્થભાઈ અશોકભાઈ વોરા (ઉ.વ.૨૭) નામનાં યુવકે ગઈ કાલે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. બનાવની જાણ ગાંધીગ્રામ પોલીસને થતાં તુરંત દોડી ગયો હતો. અને તપાસમાં મૃતકના પિતાને શાપરમાં કારખાનું છે. ત્યાં સાથે યુવક કામ કરતો હતો. યુવકે ક્યાં કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. છઠ્ઠા બનાવમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પ્રિયદર્શન સોસાયટી શેરી નં૩ માં રહેતાં જયદીપ રમેશભાઈ વીસપરા (ઉ. વ.૨૩) નામનાં યુવકે પોતાનાં ઘરે એસિડ પી લેતાં તાકિદે યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેને સારવારમાં દમ તોડી દિધો હતો. મૃતક ફર્નિચરનું કામ કરતો હતો. બે ભાઈ અને બે બહેનમાં મોટો અને માનસિક બિમાર હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

# મંકીપોક્સનો વધતો ખતરો : તમામ એરપોર્ટ ઉપર એલર્ટ જાહેર કરતું કેન્દ્ર

નવી દિલ્હી, તા.૨૧

વિશ્વમાં મંકીપોક્સ મહામારી આરોગ્ય કટોકટી જાહેર કર્યા બાદ ડબ્લ્યુએચઓની ચેતવણીને પગલે ભારતમાં પણ સાવચેતીની હાલબેલ વગાડવામાં આવી છે. કેન્દ્ર સરકારે તમામ એરપોર્ટ ઉપર એલર્ટ જાહેર કર્યું છે અને બંગ્લાદેશ તથા પાકિસ્તાનથી આવનારા ઉતારૂ સહિતના તમામ મુસાફરોના ચેકિંગ માટે તમામ એરપોર્ટ સત્તાવાળાઓને સાવધ કરવામાં આવ્યા છે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા મહામારી અંગે એલર્ટ જાહેર કરાયું છે. સરકારે મહામારીના કોઈ દર્દી હોય તો તેને આઈસોલેટ કરીને અલગથી સારવાર થઈ શકે એ માટે દિલ્હીની ત્રણ હોસ્પિટલને મંકીપોક્સ સારવાર નોડલ સેન્ટર તરીકે નિશ્ચિત કરી છે. તમામ રાજયોને પણ મહામારી માટે અલગ હોસ્પિટલ નક્કી કરી લેવા કેન્દ્ર સરકારે આદેશ આપ્યો છે. અત્યારે વિશ્વભરમાં અને ખાસ કરીને કોંગો દેશમાં મહામારીના ૨૭,૦૦૦ કેસ નોંધાયા છે અને ૧૧૦૦થી વધુનાં મોત થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રિન્સિપાલ સેક્રેટરી પી.કે. મિશ્રાની અધ્યક્ષતામાં ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ હતી, જેમાં મહામારીનો સામનો કરવા માટે તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. સરકારી સૂત્રો કહે છે કે હજી સુધી દેશમાં મહામારીનો એકપણ કેસ નોંધાયો નથી છતાં સરકાર સાવધ છે કેમ કે મંકીપોક્સનો નવો વાયરસ બહાર આવ્યો છે તે ખુબ જ ચેપી છે. એટલે મોટાપાયે રોગચાળો ફાટી નીકળવાનો ડર રહે છે.

## પુત્રને નાણાં ઉપાડ્યાનો મેસેજ મળતાં કૌભાંડનો થયો પર્દાફાશ

# લ્યો બોલો ! બે વર્ષ પહેલાં મૃત્યુ પામેલ મહિલાએ મનરેગામાં કામ કર્યું !!

## મૃતક મહિલાના નામે જોબ કાર્ડ બનાવી ૭૫ દિવસની હાજરી પૂરી ૧૭ હજારથી વધુનું મહેનતાણું ચૂકવી દેવાયું

વડોદરા, તા.૨૧

લાખો શ્રમજીવીઓને રોજગાર આપતી સરકારની મનરેગા યોજનામાં સમયાંતરે કૌભાંડ બહાર આવતા રહે છે. જેમાં વધુ એક કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ કૌભાંડ વડોદરા જિલ્લામાંથી બહાર આવ્યું છે. સમસાબાદ ગામની મનરેગા યોજનામાં બે વર્ષ પહેલાં મૃત્યુ પામેલા મહિલાનું જોબકાર્ડ બનાવી ૭૫ દિવસના માસ્ટર રોલમાં હાજરી પુરી નાખી ૧૭ હજારથી વધુનું મહેનતાણુ પણ ચૂકવી દેવામાં આવ્યું હતું. જે બાદ મૃતકના પરિવારની જાણ બહાર જ ATM દ્વારા તમામ પૈસા પણ ઉપડી ગયાં હતાં. નાણા ઉપડ્યાનો મેસેજ મૃતકના પુત્રને જતાં તે પણ ચોંકી ગયો હતો. હાલ આ ચોંકાવનારા કૌભાંડમાં જિલ્લા વરણામાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

આ કૌભાંડ અંગેની વિગતો એવી છે કે, જૂન ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૨ દરમ્યાન સમસાબાદ ગામમાં મનરેગા યોજના અમલમાં આવી હતી. આ યોજના અંતર્ગત ગામનું તળાવ ઉંડુ કરવામાં આવ્યું હતું. આ તળાવની માટી ગામના સ્મશાનો, મંદિર તેમજ વણકર વાસમાં નાખવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ગામના તત્કાલીન તલાટી ઉર્મિલાબેન શાહ તેમજ સરપંચ કિશનભાઈ શનાભાઈ રાઠોડીયા દ્વારા કામ કરવા ઈચ્છતા ગામના ૫૦ જેટલા લોકોની યાદી બનાવી હતી. જેના જોબ કાર્ડ બનાવ્યા હતા અને હાજરી માટે મસ્ટર તૈયાર કર્યું હતું. આ કામમાં કૌભાંડીઓ દ્વારા ગામના પાછલા ફળિયામાં રહેતા ગંગાબેન રાવજીભાઈ પાટણવાડીયાનું તા. ૧૫-૦૨-૨૨ના રોજ અવસાન થયું હોવા છતાં તેમના નામનું જોબકાર્ડ બનાવ્યું હતું. આ સાથે તેમના નામના મસ્ટરમાં ૭૫ દિવસ સુધી હાજરી બતાવી હતી. તેમના મહેનતાણાની રકમ રૂપિયા ૧૭,૯૨૫ તેમના એકાઉન્ટમાં જમા થતાં તે રકમ મનરેગા અધિકારી અને સરપંચે તેમના મળતિયાઓ દ્વારા ઉપાડી લીધી હતી. એકાઉન્ટમાંથી રકમ ઉપાડી હોવાનો મેસેજ સ્વ. ગંગાબેન પાટણવાડીયાના પુત્ર લાલજીભાઈને આવતા તેઓ ચોંકી ઉઠ્યા હતાં. પોતે અશિક્ષિત હોવાથી તેમના મિત્રને બતાવતા આ બાબતે તપાસ શરૂ કરાઈ હતી. જેમાં ચોંકાવનારૂં કૌભાંડ બહાર આવ્યું હતું. કૌભાંડીઓએ સ્વ.ગંગાબેનનું જોબકાર્ડ અને ATM કાર્ડ અધિકારીને બતાવવાના નામે ગંગાબેનના પુત્ર પાસેથી લઈ લીધું હતું. જેમાં ગંગાબેનના એકાઉન્ટમાં પાંચ તબક્કામાં જમા થયેલી રકમ ઉપાડી લીધી હતી. દરમ્યાન આ કૌભાંડની તપાસ માટે અરજદારે અરજીઓ કરતાં તપાસ તાલુકા વિકાસ અધિકારી માધુરી પટેલને સોંપવામાં આવી હતી. જેમાં તેઓએ પણ કૌભાંડમાં સામેલ તત્કાલિન તલાટી ઉર્મિલા શાહ સહિત અન્યને બચાવવાના પ્રયાસો કર્યા હતાં. સમસાબાદના મનરેગા યોજના કૌભાંડની રજૂઆત જિલ્લા કલેકટર સુધી પહોંચતા જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરાએ તાલુકા વિકાસ અધિકારી માધુરી પટેલ સહિત ત્રણ કર્મચારીની બદલીના હુકમ કર્યા હતા. જેમાં તાલુકા વિકાસ અધિકારી માધુરી પટેલની સાવલી તાલુકા પંચાયતમાં કરી હતી. તેઓને છૂટા કરતાં પહેલાં સમસાબાદની તપાસ કરી ફરિયાદ દાખલ કરાવવા માટે સૂચના આપતા તેઓએ શનિવારે વરણામાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વરણામાં પોલીસ મથકમાં તાલુકા વિકાસ અધિકારી માધુરી કંચનભાઈ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, તેઓ ફરજ ઉપર જોડાયા તે પહેલા મનરેગા યોજનાની અરજી અનુસંધાને નિયામક ગ્રામ વિકાસ એજન્સી, વડોદરાની સૂચના મુજબ તપાસ કરતા જાણવા મળ્યું કે, તાલુકાના સમસાબાદ, વડોદરાના જોબકાર્ડ ધારકોને જૂન- ડિસેમ્બર ૨૦૨૨ના સમયગાળામાં પાંચ તબક્કે રોજગારી આપવા માટે મસ્ટરો ઈશ્યુ કરવામાં આવ્યા હતા. મસ્ટરોમાં હાજરી પુરીને વેતનના નાણાં શ્રમિકોને બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવતા હતા. દરમ્યાન એક શ્રમિક ગંગાબેન રાવજીભાઈ પાટણવાડીયાના ખાતામાં રેગ્યુલર નાણાં જમા કરાવવામાં આવતા હતા. ગંગાબેન પાટણવાડીયાનું ફેબ્રુઆરી, ૨૦૨૨ અવસાન થયું હતું. સામાન્ય સંજોગોમાં શ્રમિકનું મૃત્યુ થયા બાદ તેનું જોબકાર્ડ રદ્દ કરાવવાનું હોય છે, પરંતુ આ કિસ્સામાં યોજનામાં મૃતકનું નામ ચાલુ હતું. તેમના મસ્ટર રોલમાં ૭૫ દિવસની હાજરી પણ પુરવામાં આવી હતી. તેના અનુસંધાને મહેનતાણા પેટે તેમના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૧૭,૯૨૫ જમા કરાવવામાં આવ્યા હતા. દરમ્યાન મનરેગા યોજના હેઠળ બેંક ખાતામાં જમા થયેલા વેતનની રકમ વાસણા ભાયલી રોડ ઉપર આવેલા બેંકના ATM મશીનમાંથી ઉપાડી લેવામાં આવી હતી અને સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી હતી. આ મામલે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરાને મળેલા લેખિત હુકમ અન્વયે આની પાછળ અજાણ્યા શખ્સની સંડોવણી સપાટી ઉપર આવી હતી. આ અંગે વરણામાં પોલીસ મથકમાં ફરિયાદ આપવામાં આવી હતી. વરણામાં પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા ભેજાબાજ સામે મથકમાં રૂપિયા ૧૭,૯૨૫ની ઉચાપત મામલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. આ કૌભાંડની ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો ચોંકાવનારી વિગતો બહાર આવે તેવી શક્યતાઓને નકારી શકાય તેમ નથી.

# રક્ષા બંધન નિમિત્તે રાજગોર સમાજ દ્વારા આયોજીત સમુહ ભોજનમાં ૬૦૦ પરિવારોએ એક સાથે ભોજન લીધું

## જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનું સન્માન કરાયું





જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢમાં રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થી ભુવન ખાતે રક્ષાબંધન નિમીત્તે સમુહ ભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬૦૦થી વધુ પરિવારોએ એક સાથે ભુદેવોના પ્રિય એવા ચુરમાના લાડુ, ભજીયા, ખમણ, શાક રોટલી સહિતનો પ્રસાદ એક પંગતમાં બેસીને લીધો હતો. આ કાર્યક્રમમાં જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા કે જેઓએ માત્ર સવા વર્ષની ફરજ દરમ્યાન જીલ્લાની પ્રજાને શાંતિ અને સલામતીનો અહેસાસ કરાવ્યો છે અને જેના નામ માત્રથી જીલ્લામાં અસામાજીક તત્વો ફફડે છે તેવા એસપી હર્ષદ મહેતાનું યુવક મંડળના મોભી અશોકભાઈ પંડયા, પ્રમુખ કમલેશ ભરાડ, શશીકાંતભાઈ બોરીચાંગર, અકિલાના પત્રકાર વિનુભાઈ જોષી, માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી, મનુભાઈ રવિયા, ભીખુભાઈ જોષી સહિતના અગ્રણીઓએ ફુલહાર પહેરાવી, શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.

આ તકે જૂનાગઢ આઈજીની સાયબર સેલના પીએસઆઈ નિકુંજ જોષી તેમજ નિવૃત ડીવાયએસપી બી.કે. જોષી, એએસઆઈ ભદ્રેશભાઈ રવિયાર, ફોરેસ્ટર બી.એ.શીલુ સહીતના જ્ઞાતિજનો પણ ઉપસ્થિત રહયા હતા.

## રાજ્યમાં વધુ જગ્યાઓ પર ઓન-કોર્ટની સ્થાપના થઈ શકે છે

# દેશની પ્રથમ ડિજિટલ કોર્ટ કેરળના કોલ્લમમાં ખુલી

## કેરળમાં શરૂ થયેલી દેશની પ્રથમ ડિજિટલ કોર્ટનું નામ '૨૪/૭ ઓન કોર્ટ' રાખવામાં આવ્યું છે, કોર્ટમાં ચાલી રહેલા કેસોની સુનાવણી સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ થશે

કેરળ,તા.૨૧

દેશની પ્રથમ ડિજિટલ કોર્ટ કેરળના કોલ્લમમાં ખુલી છે. આ કોર્ટનું ઉદ્દ્ઘાટન શુક્રવારે સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ બી.આર. ગવઈએ કર્યું હતું પરંતુ હવે તેના ઉદ્દ્ઘાટન બાદથી સોશિયલ મીડિયા પર ડિજિટલ કોર્ટને લઈને ઘણા પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. ઘણા લોકોને સવાલ થતા હશેકે, ડિજિટલ કોર્ટ શું છે અને તે કેવી રીતે કામ કરે છે. ડિજિટલ અદાલતનું નામ સાંભળતા જ સમજાય છે કે, અહીં બધું જ ડિજિટલ હોવું જોઈએ. દેશની પ્રથમ ડિજિટલ કોર્ટ કરેળમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ (NI Act)ના કેસોની સુનાવણી થશે. કેરળમાં શરૂ થયેલી દેશની પ્રથમ ડિજિટલ કોર્ટનું નામ '૨૪/૭ ઓન કોર્ટ' રાખવામાં આવ્યું છે. કોર્ટમાં ચાલી રહેલા કેસોની સુનાવણી સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ થશે. ડિજિટલ કોર્ટમાં પ્રારંભિક ફાઈલિંગથી લઈને અંતિમ નિર્ણય સુધીની તમામ કામગીરી ડિજિટલ રીતે કરવામાં આવશે. જો આ પહેલ સફળ થશે તો રાજ્યમાં વધુ જગ્યાઓ પર ઓન-કોર્ટની સ્થાપના થઈ શકે છે.ડિજિટલ કોર્ટ '૨૪/૭ ઓન (ઓપન એન્ડ નેટવર્ક્ડ) કોર્ટ' શરૂઆતમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ હેઠળના કેસોની સુનાવણી કરશે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ એ પ્રોમિસરી નોટ્સ, બિલ્સ ઑફ એક્સચેન્જ અને ચેકને લગતો કાયદો છે. હાઈકોર્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચેક બાઉન્સના કેસો એનઆઈ એક્ટના કુલ પેન્ડિંગ કેસના દસ ટકા જેટલા છે.

NI એક્ટની કલમ ૧૩૮ હેઠળ ચેક બાઉન્સ ગુનો છે. જો તમે કોઈને ૪૦,૦૦૦ રૂપિયાનો ચેક આપો છો, પરંતુ જ્યારે બીજી વ્યક્તિ તેને બેંકમાં જમા કરાવે છે તો પૈસા નથી હોતા. જેથી તે સમયે આપેલ ચેક રિજેક્ટ થઈ જાય છે. બેંકની ભાષામાં તેને ચેક બાઉન્સ કહેવામાં આવશે.

આમ કરવું એ NI એક્ટ ૧૮૮૧ હેઠળ સજાપાત્ર ગુનો છે. જો દોષિત ઠરે તો, સજા ચેકની રકમના બમણા દંડ અથવા વધુમાં વધુ બે વર્ષની કેદ અથવા બંને થઈ શકે છે.કેરળ હાઈકોર્ટના જસ્ટિસ રાજા વિજયરાઘવન વીએ કહ્યું છે કે ટેકનોલોજીને કોર્ટ સાથે જોડવાથી પ્રક્રિયા સરળ બનશે. ડિજિટલ કોર્ટમાં સ્માર્ટ શેડ્યુલિંગ સિસ્ટમ હશે, જેથી સુનાવણી સમયસર થઈ શકે. ફરિયાદીઓને મદદ કરવા માટે, તેમને તેમના કેસના રિયલ ટાઈમ સ્ટેટ્સ બતાવાશે. આ સિવાય કોર્ટને બેંક અને પોલીસ જેવી મહત્વની સંસ્થાઓ સાથે જોડવામાં આવશે, જેનાથી માહિતીનું આદાન-પ્રદાન સરળ બની શકશે.

# જો બાઈડન ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં વિદાય ભાષણ દરમ્યાન થયા ભાવુક

શિકાગો,તા.૨૧


અમેરિકી પ્રમુખ જો બાઈડને આજે મંગળવારે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં વિદાય ભાષણ આપ્યું હતું. આ દરમિયાન તેઓ ભાવુક પણ થઈ ગયા હતા. બાઈડને તેમના પુત્રી એશ્લેને ગળે લગાવ્યા પછી તેમની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. USAના શિકાગોમાં ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં પ્રમુખ જો બાઈડને ઉપપ્રમુખ કમલા હેરિસને મશાલ સોંપી.

આ સાથે કમલા હેરિસ ડેમોક્રેટિક પાર્ટી તરફથી પ્રમુખ પદના ઔપચારિક ઉમેદવાર બની ગયા. શિકાગો સંમેલનના પહેલા દિવસે પ્રમુખ જો બાઈડન, ફર્સ્ટ લેડી જિલ બાઈડન અને ભૂતપૂર્વ સેક્રેટરી ઑફ સ્ટેટ હિલેરી ક્લિન્ટને પણ ભાષણ આપ્યું હતું. જ્યારે બાઈડન સ્ટેજ પર પહોંચ્યા ત્યારે લોકો 'થેંક યુ જો' કહીને બૂમો પાડી રહ્યા હતા. આ દરમિયાન બાઈડને તેમની પુત્રીને ગળે લગાવી હતી. આ દરમિયાન તે પોતાના આંસુ રોકી શક્યા ન હતા.

ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં લોકોએ હાથમાં બેનર પકડ્યા હતા જેના પર લખેલું હતું કે, 'અમે બાઈડનને દિલથી પ્રેમ કરીએ છીએ.' આ દરમિયાન બાઈડને એમ પણ કહ્યું કે, 'હું તમને પ્રેમ કરું છું. શું તમે આઝાદી માટે મત આપવા તૈયાર છો? શું તમે લોકશાહી અને અમેરિકા માટે મત આપવા તૈયાર છો? ચાલો હું તમને પૂછું, શું તમે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝને પસંદ કરવા તૈયાર છો?

રાષ્ટ્રપતિ બાઈડને તેમના વિદાય ભાષણમાં તેમના કાર્યકાળની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, તેમણે કમલા હેરિસ સાથે કામ કર્યું. તેમણે કોરોના યુગ દરમિયાન અમેરિકાને વિશ્વની સૌથી મજબૂત અર્થવ્યવસ્થા બનાવવાની વાત કરી હતી. બાઈડને ટ્રમ્પ પર પણ જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે, "અમેરિકામાં રાજકીય હિંસા માટે કોઈ સ્થાન નથી. ટ્રમ્પ જ્યારે અમેરિકા વિશે વાત કરે છે ત્યારે લાગે છે કે અમેરિકા એક વિઘટનશીલ દેશ છે. તેઓ વિશ્વમાં અમેરિકાની છબી ખરાબ કરે છે."

બાઈડને પોતાના સંબોધનમાં કમલા હેરિસને સમર્થનનો સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'હું જ્યારે પાર્ટીનો ઉમેદવાર બન્યો ત્યારે કમલા હેરિસને પસંદ કરવાનો મારો પહેલો નિર્ણય હતો અને તે મારી સમગ્ર કારકિર્દીનો શ્રેષ્ઠ નિર્ણય છે. તે કઠિન, અનુભવી અને ઘણી પ્રામાણિકતા ધરાવે છે. આ દરમિયાન બાઈડને એમ પણ કહ્યું કે, કમલા હેરિસ 'ઐતિહાસિક પ્રમુખ' બનશે.




તમે શ્રાવણ માસ પુરતો જ જુગાર રમો છો અમે તો બારેમાસ સત્તાનો જુગાર રમીએ છીએ !




શ્રાવણીયા જુગારમાં હું ને મારા પતિ મોટી રકમ જીત્યા આ વર્ષે અમારી દિવાળી સુધરી જાશે !

# સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટની કેટલીક સુંદર વ્યવસ્થાઓ પ્રેરક અને પ્રશંસનીય છે

## પર્યાવરણ જાગૃત્તિ, આસ્થા-ભક્તિનો અનેરો સમન્વય 'સોમગંગા', ઘનકચરા અને ગંદા પાણીનું શુધ્ધીકરણ, દુધ-બિલ્વપત્રમાં આત્મનિર્ભરતા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ કેટલીક સુંદર વ્યવસ્થાઓ પ્રેરક પ્રશંસનીય છે. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવિણ લહેરી કહે છે 'સોમનાથ ટ્રસ્ટે ઘન કચરાના નિકાલ માટે અલગ કેન્દ્ર સ્થાપી પર્યાવરણને નુકશાન ન થાય તે રીતે ઘન કચરાના નિકાલની વ્યવસ્થા વર્ષ ૨૦૧૯થી ગોઠવી છે.

ટ્રસ્ટ કવાર્ટર, કામના સ્થળો, હોટલ, અતિથી ગૃહોમાંથી કચરો ભેગો કરી તેનું વર્ગીકરણ કરી તેના યોગ્ય નિકાલની વ્યવસ્થાને કારણે દર વર્ષે હજારો ટન ઘન કચરાનો યોગ્ય નિકાલ યથાયોગ્ય રીતે થાય છે. જમીન અને જળમાં થતું ઘન કચરાનું પ્રદુષણ રોકવામાં સફળતા મેળવી છે.

સોમનાથ ટ્રસ્ટ સંચાલિત અતિથીગૃહો, ભોજનાલયો, કચેરી અને અન્ય સુવિધામાંથી પેદા થતા ગંદા પાણીને સમુદ્રમાં નાખી દેવાની જુની પ્રથા તદ્દન બંધ કરી દરરોજ ૮૦ હજારથી ૧ લાખ લીટર ગંદા પાણીને વિવિધ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ગંદા પાણી શુધ્ધીકરણ) મારફત ખેતીવાડીમાં ફરી વાપરી શકાય તે રીતે શુધ્ધ કરવામાં આવે છે. છેલ્લા ૬ વર્ષમાં દર મહિને ૨૬ લાખ લીટર જેટલા ગંદા પાણીનું શુધ્ધીકરણ કરી તેના હસ્તકના બિલ્વવન, નાળીયરી વન, આંબાવાડી, નેપીયર ગ્રાસના ઉગાડવા માટે વાપરવામાં આવે છે. ગંદા પાણીના શુધ્ધીકરણ અને તેના પુનઃ વપરાશને કારણે સારી રીતે વૃક્ષોની સંખ્યા અને કદ સતત વધી રહયા છે.

આ ઉપરાંત ભારત સરકારની પ્રસાદ યોજના હેઠળ નિર્મીત થયેલ સોમનાથ ટ્રસ્ટના અતિ વિશાળ પાર્કિંગના એક ભાગમાં તેમજ સોમનાથ ટ્રસ્ટના વિવિધ મકાનોની છત ઉપર સોલાર પેનલ લગાડી સુર્ય ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. ગત નાણાંકીય વર્ષમાં સોલાર પેનલ દ્વારા સોમનાથ ટ્રસ્ટે ૨૬૦૩૮૦ યુનિટ પેદા કરી રૂા.૨૬૦૩૮૦૦ની બચત રકી છે. સાથો સાથ કાર્બન પ્રિન્ટની વિપરીત અસર નિવારી છે.

મંદિરમાં મહાદેવને દુધ અભિષેક માટેની જરૂરીયાત ટ્રસ્ટની પોતાની જ ગૌશાળા છે. જેના દુધના ઉપયોગથી ટ્રસ્ટ આત્મનિર્ભર બન્યું છે. તેમજ પ્રતિદિન પ્રાતઃ મધ્યાન્હ અને સાયંપૂજા તથા શૃંગાર દરમ્યાન લાખો બિલ્વપત્રોની જરૂરીયાત પુર્ણ કરવા માટે ટ્રસ્ટનું પોતાનુંજ બિલ્વવન છે. બે દાયકા પહેલા બિલ્વપત્રો ખરીદવામાં આવતા હતા. ત્યાં આજે ટ્રસ્ટના બિલ્વવનમાં ઉગાડેલા બિલ્વ વૃક્ષોમાંથી એક લાખથી વધુ બિલ્વના પાંદડા દરરોજ સોમનાથ મહાદેવને અર્પણ કરવામાં આવે છે.

સોમનાથ મહાદેવન દરરોજ જળાભિષેક, દુધ અભિષેક, પંચામૃત સહિત થયેલ પવિત્ર જળ અત્યાર સુધી જળાધારીમાં થઈ ગૌમુખ દ્વારા સમુદ્રમાં જતું હતું પરંતુ છેલ્લા બે વર્ષથી આ અભિષેક થયેલ જળનો આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ પ્રમાણે એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા શુધ્ધ કરી કરેલા ચરણામૃતને બોટલમાં ભરી ટ્રસ્ટ દ્વારા કરાયેલ વ્યવસ્થા મુજબ 'સોમગંગા' જળ આપવામાં આવે છે. આમાં આસ્થા, પવિત્રતા અને શ્રધ્ધાનો સમન્વય થયેલ છે. જેથી આ સોમગંગા જળનો ઉપયોગ શ્રધ્ધાળુ ભાવિકો તેમને ઘરે, ધંધા, કૃષિ ઈત્યાદિ સ્થાનોમાં છંટકાવ કરવા પવિત્રકરણ, શુધ્ધીકરણ માટે લઈ જાય છે.

## ગુજરાતના ગ્રોથ મોડલ પર સવાલો ઉઠ્યા

# વિકસિત રાજ્ય હોવા છતાં ગુજરાતમાં ૧ કરોડથી વધુ લોકો ગરીબ છે

## દેશના જીડીપીમાં ૮ ટકાથી વધુ યોગદાન આપતું ગુજરાત વિકસિત રાજયનો દરજજો ધરાવે છે

નવી દિલ્હી,તા.૨૧

ગુજરાતની ગણના દેશના ટોચના ૫ સમૃદ્ધ રાજ્યોમાં થાય છે. દેશના જીડીપીમાં ૮ ટકાથી વધુ યોગદાન આપતું ગુજરાત વિકસિત રાજ્યનો દરજ્જો ધરાવે છે. મુકેશ અંબાણીથી લઈને ગૌતમ અદાણી સુધી દેશના મોટા ભાગના મોટા ઉદ્યોગપતિઓ ગુજરાતના છે, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા ઘણા મોટા નેતાઓ પણ ગુજરાતના છે. જો કે, હાલમાં જ ગુજરાતને લઈને એક મોટો ખુલાસો થયો છે, જેણે બધાને ચોંકાવી દીધા છે.

વિકસિત રાજ્ય હોવા છતાં ગુજરાતમાં ૧ કરોડથી વધુ લોકો ગરીબ છે. આજે પણ ગુજરાતના ગામડાઓમાં ઘણા લોકો દયનીય સ્થિતિમાં જીવવા મજબૂર છે. સંસદમાં રજૂ કરાયેલા રિપોર્ટમાં આ વાત સામે આવી છે. આ અહેવાલે દેશભરમાં વિકસિત ગુજરાતના દાવાઓને ઉજાગર કર્યા છે. રિપોર્ટ અનુસાર છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં ગરીબીમાં ઝડપથી વધારો થયો છે. રાજ્યની કુલ વસ્તીના ૧૬.૬૩ ટકા લોકો ગરીબ છે. આમાંના મોટાભાગના લોકો ગામડાના છે.

૭૫ લાખ ૩૫ હજાર એટલે કે ગામમાં રહેતા લગભગ ૨૧ ટકા લોકો ગરીબીની શ્રેણીમાં આવે છે. જ્યારે શહેરોમાં રહેતા ૨૬ લાખ ૮૮ હજાર લોકો એટલે કે લગભગ ૧૦.૪ ટકા ગરીબ છે. સંસદમાં બહાર આવેલા આ અહેવાલને માનીએ તો ગુજરાતના ગામડામાં દરેક વ્યક્તિ રોજના ૨૬ રૂપિયા પણ ખર્ચી શકતો નથી, જ્યારે શહેરમાં રહેતા ગરીબો માટે રોજના ૩૨ રૂપિયા ખર્ચવા પણ મુશ્કેલ બની જાય છે. વિધાનસભામાં આ આંકડાઓને મંજૂરી આપી છે. રિપોર્ટ અનુસાર છેલ્લા ૨ વર્ષમાં ૧૩૫૯ પરિવારો ગરીબીમાં સરી પડ્યા છે. ગુજરાતના જિલ્લાઓની વાત કરીએ તો સાબરકાંઠા, પંચમહાલ, બનાસકાંઠા, આણંદ, જૂનાગઢ અને દાહોદમાં ગરીબ પરિવારોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. આ સાથે જ રાજ્યમાં સતત વધી રહેલી ગરીબી પણ સરકાર માટે ચિંતાનું કારણ બની છે. ઘણા ગરીબ પરિવારો પાસે ખોરાક, કપડા અને રહેવાની સુવિધા પણ નથી. આ અહેવાલે ગુજરાતના વિકાસ મોડલ પર પણ સવાલો ઉભા કર્યા છે.

## T-Series દ્વારા કરવામાં આવી જાહેરાત


# ક્રિકેટર યુવરાજસિંહના જીવન પર બનશે ફિલ્મ

મુંબઈ ,તા.૨૧

યુવરાજ સિંહ ટીમ ઈન્ડિયાનો એવો ખેલાડી જેણે માત્ર એક નહીં, પરંતુ બે-બે વર્લ્ડ કપ જીત્યા છે. એ ખેલાડી જેણે ૨૦ ક્રિકેટમાં ૬ બોલમાં ૬ સિક્સર મારવાની સિદ્ધિ હાંસલ કરી છે. એ ખેલાડી જેણે કેન્સર જેવી જીવલેણ બીમારીને માત આપી છે. યુવરાજ સિંહના જીવનની આ હકીકત તો દરેક લોકો જાણે છે. પરંતુ હવે આ ખેલાડીના દરેક રહસ્ય તેના ફેન્સ સામે આવવાના છે. હકીકતમાં યુવરાજ સિંહના જીવન પર એક ફિલ્મ બનવા જઈ રહી છે, જેની T-Series દ્વારા મંગળવારે જાહેરાત કરવામાં આવી હતી ટી-સીરીઝના માલિક ભૂષણ કુમારે જાહેરાત કરી હતી કે, ટૂંક સમયમાં યુવરાજ સિંહની બાયોપિક બનશે અને અને તે સમગ્ર દેશમાં જ નહીં, પરંતુ વિશ્વમાં પણ ધૂમ મચાવશે.

આ પહેલા યુવરાજના મિત્ર અને ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની પર પણ એક ફિલ્મ બની હતી, જે સુપરહિટ સાબિત થઈ હતી. હવે યુવરાજ પણ બોલિવૂડની પીચ પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. યુવરાજનું જીવન અને કરિયર કોઈ ફિલ્મ સ્ક્રિપ્ટથી કમ નથી. તેની જીંદગીમાં એક્શન, ડ્રામા, ટ્રેજેડી બધું જ છે. યુવરાજ સિંહ ક્યારેય ક્રિકેટર બનવા નહોતો માંગતો. પરંતુ તેના પિતા યોગરાજ સિંહની જીદના કારણે તે ક્રિકેટર બન્યો. યુવરાજને પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુ પાસે પણ ટ્રેનિંગ માટે મોકલવામાં આવ્યો હતો, પરંતુ તેમણે યોગરાજને કહ્યું કે, તેનો દીકરો ક્યારેય ક્રિકેટર નહીં બની શકે. આ પછી ખૂદ યોગરાજે જ યુવરાજને ટ્રેનિંગ આપીને ચેમ્પિયન ક્રિકેટર બનાવ્યો. વર્ષ ૨૦૧૧ વર્લ્ડ કપ દરમિયાન જ યુવરાજ સિંહને કેન્સર થયું હતું. તેમ છતાં આ ખેલાડીએ ન માત્ર આખી ટૂર્નામેન્ટ રમી, પરંતુ ટીમ ઈન્ડિયાને વર્લ્ડ ચેમ્પિયન પણ બનાવ્યું અને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટનો એવોર્ડ પણ જીત્યો. હકીકતમાં આ તો માત્ર તેની એક ઝલક છે, યુવરાજ પર આવનારી ફિલ્મમાં ઘણું બધું જોવા મળશે.

# ... અને ભગવાન શંકર નીલકંઠ કહેવાયા



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

દેવેન કનકચંદ્ર વ્યાસ

અમૃત પી અમર થઈ જવાય તે અમૃતને પ્રાપ્ત કરવા માટે દેવતાઓ અને દાનવોએસાથે મળી અને સમુદ્રમંથનની ક્રિયા આરંભી મંદિરાચલ પર્વતને રેવૈયો બનાવ્યો અને વાસુકી નાગને દોરડું બનાવી અને જ્યારે આ સમુદ્રમંથનની ક્રિયાનો આરંભ કર્યો એટલે સમય-સમય ઉપર તેમાંથી એક પછી એક વસ્તુઓ ઉત્પન્ન થવા લાગી. દેવતાઓઅને દાનવોએ અંદરો અંદર વહેચી લીધી. જેમાં અનુક્રમે ઝેર ઉત્પન્ન થયું. હળાહળ ઝેર ઉત્પન્ન થયેલું જોઈ દેવતાઓ અને દાનવો ખુબ જ ગભરાઈ ગયા. હવે આ ભયંકર એવા હળાહળ ઉત્પન્ન થયેલા ઝેરને ગ્રહણ કોણ કરે ? દેવતાઓ અને દાનવો મુંઝાયા એટલે તેઓ સીધા જ બ્રહ્માજીના શરણે ગયા. બ્રહ્માજીએ સૌને ગભરાયેલા જોઈ અને તેમની ગભરાટનું અને આવવાનું કારણ પુછ્યું. 'તમે દેવો અને દાનવો શા માટે ગભરાયેલા છો ? અને અહીં મારી પાસે આવવાનું પ્રયોજન શું છે ? ત્યારે દેવતાઓ અને દાનવોએ બહ્માજીને સઘળી હકિકત સંભળાવી. આ સાંભળી અને બ્રહ્માજીએ તેમને કહ્યું, આનું નિરાકરણ કરવાનું કામ મારી શક્તિ બહાર છે. માટે ચાલો આપણે સૌ મળી અને રૂદ્ર એવા ભગવાન શ્રી શંકરના શરણે જઈએ. જે આનું યોગ્ય નિરાકરણ કરી શકશે એવો મને પુરો વિશ્વાસ છે. આ પ્રમાણસ બ્રહ્માજી અને દેવતાઓ તથા દાનવો સૌ સાથે મળી અને ભગવાન શ્રી શંકરના શરણે ગયા. તેમના પાસે કૈલાસમાં જઈ અને સૌ સાથે મળી અને શિવજીની સ્તૃતિ કરવા માંડી. તેમાંય બ્રહ્માજીએ તો ખુબ જ સારી રીતે શીવજીની સ્તુતિ કરી. ત્યારે, શિવજીએ તેમને આવવાનું કારણ પુછ્યું. ત્યારે બ્રાહ્મણએ બનેલી પુરી ઘટનાનું વર્ણન શિવજી પાસે કર્યું અને શિવજીને તે ઝેર પીવા માટે સૌએ વિનંતી કરી અને કહ્યું, હે દયાના સાગર, આપ તો જગતનું કલ્યાણ કરનારા છો. આજે આ કાતિલ હળાહળ ઝેર જો વધુ સમય રહેશે તો તેનાથી સમગ્ર જગતને અસર થશે. તેના લીધે મોટો વિનાશ થશે. માટે પ્રભુ વહેલી તકે તેનું પાન કરી અને જગતનું કલ્યાણ કરો. હે નાથ, આ ઝેરને તમારા સિવાય બીજો કોઈપણ સાચવી શકે તેવા આ જગતમાં નથી. આમ, વારંવાર વિનંતી કરતા બ્રહ્માજી તથા દેવો અને દાનવોને જોઈ અને દયાના સાગર ભોળાનાથ તો એ ઝેરનું પાન કરવા ડમાટે તત્પર બની ગયા. ભગવાન શ્રી શિવજીએ જ્યારે કાતિલ ઝેર ગટગટાવ્યું ત્યારે તે પેટમાં ન ઉતરતા કાયમને માટે ગળામાં ધારણ કર્યું. જેથી તેમના ગળાનો ભાગ નીલો થઈ ગયો. જેને કારણે ભગવાન શ્રી શિવજી જગતમાં નીલકંઠ મહાદેવના નામે પ્રસિધ્ધ થયા.

### શી ટીમ : મહિલાઓ, બાળકો અને વડીલોની રક્ષક

# રાજ્યભરમાં ૧૦૫૬ શી-ટીમ દ્વારા ૨૫ હજારથી વધુ વડીલોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી

## શી ટીમે આ અનોખી ઉજવણી મારફતે વડીલોની રક્ષા માટે 'શી ટીમ' હરહંમેશ તત્પર હોવાનો સંદેશ આપ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૧

ગુજરાતમાં મહિલાઓ, બાળકો અને વડીલોની સુરક્ષા માટે કાર્યરત શી ટીમ રાજ્યમાં નારી શક્તિનું પ્રતીક બની છે. રાજ્યમાં જ્યારે પણ મહિલાઓ, બાળકો અને વડીલો કોઈ તકલીફમાં હોય ત્યારે તેમની મદદમાં શી ટીમ ખડે પગે હોય છે, ત્યારે આ રક્ષાબંધન પર્વે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ શી ટીમ દ્વારા રાજ્યભરમાં વડીલોની રક્ષાના સંકલ્પ સાથે તેમને રાખડી બાંધીને પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના તમામ જિલ્લાઓમાં અલગ અલગ ૧૦૫૬ શી ટીમ દ્વારા કુલ ૨૫,૦૫૨ વડીલોની મુલાકાત લઈ તેમને રાખડી બાંધી મો મીઠું કરવીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. શી ટીમની મહિલા પોલીસ કર્મચારીઓ આપણી બહેનો, દીકરીઓ અને માતાઓની સુરક્ષા માટે દિન-રાત એક કરીને કામ કરે છે.

ગત વર્ષની જેમ આ રક્ષાબંધનના તહેવારે પણ શી ટીમે રક્ષાબંધનની અનોખી ઉજવણી કરી છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં શી ટીમે વૃદ્ધાશ્રમ સહિત વડીલોના ઘરે જઈને રૂબરૂ મળી તેમને રાખડી બાંધી તેમની રક્ષા કરવા શી ટીમ હરહંમેશ તત્પર છે તેવો સંદેશો આપ્યો હતો. આ માધ્યમથી શી ટીમે વડીલોની રક્ષા કરવાનો સંકલ્પ લીધો છે. સાથે સાથે આ કાર્યક્રમ થકી શી ટીમે સમાજમાં વડીલો પ્રત્યેનો સન્માન અને આદર ભાવના વધારવાનો પણ સંદેશો આપ્યો છે. શી ટીમની આ પહેલ સમાજ માટે પ્રેરણારૂપ છે. આવી પહેલોથી સમાજમાં સુરક્ષાની ભાવના વધશે અને મહિલાઓ, બાળકો અને વડીલો વધુ સુરક્ષિત અનુભવશે.

**શી ટીમ વિશે વધુ**

શી ટીમ એ ગુજરાત પોલીસની એક વિશેષ ટીમ છે જે મહિલાઓ તેમજ બાળકો અને વડીલોની સુરક્ષા માટે કાર્ય કરે છે. આ ટીમમાં માત્ર મહિલા પોલીસ કર્મચારી-અધિકારીઓ જ હોય છે. શી ટીમ મહિલાઓને પરેશાન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરે છે. શી ટીમ મહિલાઓ, બાળકો અને વડીલોની સુરક્ષા સંબંધિત જાગૃતિ ફેલાવવાનું કાર્ય પણ કરે છે.

**આપણે શું કરી શકીએ ?**

આપણે સૌએ મળીને મહિલાઓ, બાળકો અને વડીલોની સુરક્ષા માટે કાર્ય કરવું જોઈએ. આપણી આસપાસ કોઈ મહિલા, બાળક કે વડીલ પર અન્યાય થતો હોય તો આપણે તરત જ શી ટીમ અથવા પોલીસને જાણ કરવી જોઈએ. આપણે સમાજમાં મહિલાઓ, બાળકો અને વડીલો પ્રત્યે સન્માન અને આદરની ભાવના રાખવી જોઈએ.

# ઘેડિયા કોળી સમાજના ૩૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

આલ્ફા હાઈસ્કૂલના સંચાલક જી.પી. કાઠી યાદી જણાવે છે કે તારીખ ૧૮-૮-૨૦૨૪ ને રવિવારે જૂનાગઢ ખાતે માંગલ્ય પાર્ટી પ્લોટમાં જૂનાગઢ શહેરના ઘેડિયા કોળી સમાજના ૩૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગીર સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા અને કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમે કર્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ જિલ્લાના અને ગીર સોમનાથ જિલ્લાના સાંસદ રાજેશભાઈ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ શહેર ઘેડિયા કોળી સમાજના પ્રમુખ મનુભાઈ ઝાલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું અને સંગઠન દ્વારા ચાલતી જુદી-જુદી પ્રવૃતિઓ વિશે જાણકારી આપેલ હતી. આ કાય્યક્રમમાં આલ્ફા સ્કૂલના સંચાલક જી.પી.કાઠીએ, જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ, ગીર સોમનાથ જિલ્લાના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ અને પૂર્વ ધારાસભ્ય જેઠાભાઈ જોરાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. તેજસ્વી વિદ્યાર્થીઓને સંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમાને હસ્તે, ધારાસભ્યઓના હસ્તે, અને સમાજના આગેવાનોના વરદ્ હસ્ત શિલ્ડ અને પ્રમાણપત્રો આપીને સન્માતિન કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલક કોળી સમાજના આગેવાન ભરતભાઈ બાલસે કરેલ હતું અને આભારવિધિ ઘેડિયા કોળી સમાજ સંગઠનના મંત્રી વિજયભાઈ મોકરીયાએ કરી હતી.

# ખંભાળિયાના રામનાથ મહાદેવના મંદિરે માખણના શૃંગાર દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ખંભાળિયાના પાદરમાં બિરાજતા પ્રાચીન અને સુપ્રસિદ્ધ શ્રી રામનાથ મહાદેવના મંદિર ખાતે સોમવારે માખણ પૂજાના દર્શન યોજવામાં આવ્યા હતા. માખણ શૃંગારના આ દર્શન માટે મોટી સંખ્યામાં શિવ ભક્તો ઉમટી પડ્યા હતા અને આ દર્શનથી ધન્યતા અનુભવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો પહેલા શ્રાવણ વદ તેરસ, ચૌદસ અને અમાસના ત્રણ દિવસના લોકમેળા યોજાતા હતા. પરંતુ અગાઉના વર્ષોની જેમાં આ વર્ષે પણ રામનાથ મંદિરના પટાંગણમાં લોકમેળાનું કોઈ પણ આયોજન કરવામાં આવ્યું નથી.

# ખંભાળિયામાં જડેશ્વર આંગણવાડી ખાતે બાળ દિવસની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ખંભાળિયા શહેરની આંગણવાડી કેન્દ્ર ૧૮(જડેશ્વર) ખાતે મંગળવારે બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આંગણવાડીના બાળકોને દેશના સપૂતો અને મહાપુરૂષોની વેશભૂષા ધારણ કરવામાં આવી હતી. આ સાથે આંગણવાડીના વાલીઓ માટે માટીકામ અને ચિત્રકામ અને કાગળ કામની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જેમાં વિજેતા બનેલા વાલીને ઈનામ આપવામાં આવ્યા હતા. ઉપરાંત વેશભૂષામાં ભાગ લેનારા દરેક બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ આયોજનમાં પોલિસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર હીનાબેન કેશવાલાએ બાળકોના વાલીઓને ઘરેલુ હિંસા અને સ્ત્રીઓને લાગતા કાયદાઓ અંગેનું માર્ગદર્શન આપીને પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આંગણવાડી કેન્દ્રના વર્કર પુનમબેન ચાવડા અને હેલ્પર શીતલબેન દુધરેજીયાએ કર્યું હતું. જેમાં શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર અને રેલવે એસ.એસ.સી. મેમ્બર હસમુખભાઈ ધોળકિયાએ ખાસ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# સલાયામાં શ્રાવણ માસ નિમિત્તે પાળેશ્વર મહાદેવ મંદિરે યોજાયા શિવ શક્તિના દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે શ્રાવણ માસનાં ત્રીજા સોમવારે સલાયામાં તળાવની પાળ પાસે આવેલ પૌરાણિક પાળેશ્વર મહાદેવ મંદિરે શિવ શક્તિના દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંદિરના મહંત પ્રવીણગિરિએ શિવ અને શક્તિના સ્વરૂપના દર્શનના અલભ્ય શણગાર કર્યા હતા. અહીં મોટી સંખ્યામાં લોકોએ દર્શનનો લાભ લીધો હતો. જેમાં અગ્રણી લાલજીભાઈ ભૂવા વિગેરે શિવભક્તોએ પણ દર્શન કરી, ધન્યતા અનુભવી હતી.

# ઉનાના ચાંચરવડ રોડ ઉપરથી કચરાને દુર કરાવતા ધારાસભ્ય



(પ્રતિનિધિ દ્વારા)ઉના તા.૨૧ : ઉના ચાંચકવડ રોડ ઉપર આવેલ ડમ્પીંગ સાઈડ નર્સરીની સામે નકામા કચરાનો જથ્થો એકત્ર કરી તેને અહી નાશ કરવામાં આવતો હોય છે. આ સ્થળ ઉપર રસ્તાની સાઈડોમાં કચરાના મોટા મોટા ઢગલા પડ્યા હોય જેના કારણે ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને મુશ્કેલી પડતી હોય આ બાબતની જાણ થતા ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ને થતા તાત્કાલિક સ્થળ પર પહોંચી અને નગરપાલિકાના સફાઈ કર્મચારીઓને બોલાવી ૩ જેસીબી, ૬થી વધુ ટ્રેક્ટર સ્થળ ઉપર બોલાવી તાત્કાલિક યુદ્ધના ધોરણે કામગીરી કરી આ તમામ કચરાને દૂર કરવામાં આવ્યો હતો.

### તપાસ એજન્સીએ તેને નકલી ગણાવ્યો

# કોલકાતા રેપ અને મર્ડર કેસ અંગે સીબીઆઈનો પત્ર વાયરલ થયો

## સીબીઆઈએ કહ્યું કે આ કેસની તપાસ દિલ્હીમાં સીબીઆઈ હેડક્વાર્ટર દ્વારા કરવામાં આવી રહી છે અને પત્રની સામગ્રી નકલી છે

નવી દિલ્હી, તા.૨૧

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (**CBI**) એ મંગળવારે કોલકાતાની **RG** કાર મેડિકલ કૉલેજના ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કેસની તપાસ અંગે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા નકલી પત્રને નકારી કાઢ્યો હતો. સોશિયલ મીડિયા પર મોટા પ્રમાણમાં ફરતા થઈ રહેલા આ પત્રમાં ડૉ.આકાશ નાગ નામની વ્યક્તિની સહી છે.**CBI** દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ડૉ. આકાશ નાગના નામે એક નકલી પત્ર વાયરલ થઈ રહ્યો છે, જેમાં વ્યક્તિએ પોતાને **DIG**, જોઈન્ટ ડાયરેક્ટર, ક્રાઈમ બ્રાન્ચ, કોલકાતા તરીકે દર્શાવ્યો છે. આ પત્ર સત્તાવાર બેનર હેઠળ છે. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન બ્યુરો, નાયબ મહાનિરીક્ષકની કચેરી, ભ્રષ્ટાચાર વિરોધી શાખા, કોલકાતા", જે સોશિયલ મીડિયા પર વ્હોટ્સએપ વગેરે દ્વારા પ્રસારિત થઈ રહી છે. આ પત્ર કોલકાતાની આરજી કાર હોસ્પિટલના તાલીમાર્થી ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યા સાથે સંબંધિત કેસ વિશે છે."વધુમાં, સીબીઆઈએ કહ્યું કે આ કેસની તપાસ દિલ્હીમાં સીબીઆઈ હેડક્વાર્ટર દ્વારા કરવામાં આવી રહી છે અને પત્રની સામગ્રી નકલી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "એ સ્પષ્ટ કરવામાં આવે છે કે આ પત્ર નકલી છે. આ કેસની તપાસ સીબીઆઈ હેડક્વાર્ટર, દિલ્હી દ્વારા કરવામાં આવી રહી છે. વધુમાં, ડૉ. આકાશ નાગ, ડીઆઈજી, જોઈન્ટ ડાયરેક્ટર, ક્રાઈમ બ્રાન્ચ, એસીબી, કોલકાતા દ્વારા સીબીઆઈમાં કોઈ અધિકારી નથી. નામ અને હોદ્દો આ પત્રની સામગ્રી ખોટી છે અને તેથી તે સખત રીતે રદિયો આપે છે."સીબીઆઈએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે સામાન્ય જનતા અને તમામ હિતધારકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ આ પત્ર અથવા તેના જેવા કોઈપણ તોફાની સંદેશાવ્યવહારની અવગણના કરે. તે પુનરોચ્ચાર કરવામાં આવે છે કે સીબીઆઈ તમામ પ્રમાણભૂત પ્રક્રિયાઓને અનુસરીને અને સંપૂર્ણ વ્યવસાયિક રીતે કેસની તપાસ કરી રહી છે.

### સુબ્રમણયમ સ્વામીની અરજી PIL તરીકે સૂચિબદ્ધ

# HC રાહુલ ગાંધીની નાગરિકતા રદ કરવાની અરજી પર સુનાવણી કરશે

## કોર્ટમાં હાજર થયેલા સ્વામીએ કહ્યું કે જો હાઈકોર્ટને લાગે છે કે આ અરજીની સુનાવણી પીઆઈએલ તરીકે થવી જોઈએ

નવી દિલ્હી, તા.૨૧


દિલ્હી હાઈકોર્ટ ભાજપના નેતા સુબ્રમણયમ સ્વામીની પીઆઈએલ તરીકે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતા રદ કરવા અંગેની અરજી પર સુનાવણી કરશે. તેમની અરજીમાં સ્વામીએ કોર્ટને વિનંતી કરી છે કે તેઓ ગૃહ મંત્રાલયને તેમની રજૂઆત પર નિર્ણય લેવાનો નિર્દેશ આપે. અગાઉ મંગળવારે, કોર્ટે સ્વામીને પૂછ્યું હતુ કે આ મામલે તેમની પાસે કાયદેસર રીતે કયા અધિકારો છે.જસ્ટિસ સંજીવ નરુલાએ કહ્યું કે જો કોઈ અધિકાર હોય તો તેને માત્ર જનહિત તરીકે જ ગણી શકાય, તેનાથી વધુ કંઈ નહીં. ન્યાયાધીશે કહ્યું, 'શ્રી સ્વામી, મને આ કેસમાં લાગુ પડતો કોઈ કાયદેસર અનુમતિપાત્ર અધિકાર મળ્યો નથી.'કોર્ટમાં હાજર થયેલા સ્વામીએ કહ્યું કે જો હાઈકોર્ટને લાગે છે કે આ અરજીની સુનાવણી પીઆઈએલ તરીકે થવી જોઈએ, તો કોર્ટને તેને પીઆઈએલની સુનાવણી કરતી બેન્ચને મોકલવાનો અધિકાર છે. તેમણે કહ્યું, 'આ ભારત સરકાર સાથે સંબંધિત મામલો છે. હું આ અંગત લાભ માટે નથી કરી રહ્યો.સ્વામીએ કહ્યું કે તેમના દ્વારા ગૃહ મંત્રાલયને મોકલવામાં આવેલી ફરિયાદ સ્વીકારી લેવામાં આવી છે અને રાહુલ ગાંધીને તેનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. જો કે, ત્યારથી આ બાબતે કોઈ પ્રગતિ થઈ નથી અને ન તો તેમને કોઈ માહિતી આપવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.કોર્ટે કહ્યું, '(આ કેસમાં) કોર્ટને મોટાભાગે એવું લાગી શકે છે કે તેમાં જાહેર હિત સામેલ હોઈ શકે છે, જે સ્વામી હાલની અરજી દ્વારા ઉઠાવવા માંગે છે. ઉપરોક્ત તથ્યોને ધ્યાનમાં રાખીને, પીઆઈએલની સુનાવણી કરતી બેંચ સમક્ષ આ બાબતની યાદી થવી જોઈએ.સ્વામીએ તેમની અરજીમાં ગૃહ મંત્રાલયને લોકસભામાં વિપક્ષના નેતા ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી તેમની રજૂઆત પર સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવા માટે પણ નિર્દેશ માંગ્યો હતો. એડવોકેટ સત્ય સભરવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે ૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ સ્વામીએ મંત્રાલયને પત્ર લખ્યો હતો. તેમણે મંત્રાલયને કહ્યું હતું કે ગાંધીજીએ બ્રિટિશ સરકારને કહ્યું હતું કે તેઓ બ્રિટિશ નાગરિક છે.સ્વામીએ પોતાની અરજીમાં કહ્યું છે કે કોંગ્રેસના નેતાએ ભારતીય નાગરિક હોવાને કારણે બંધારણની કલમ ૯ અને ભારતીય નાગરિકતા કાયદાનું ઉલ્લંઘન કર્યું છે અને હવે તે ભારતીય નાગરિક રહેશે નહીં.

# પાકિસ્તાનમાં નાસભાગ, ઈન્ટરનેટ વિના કેવી રીતે કામ કરવું

લાહોર, તા.૨૧

પાકિસ્તાન ગયા વર્ષથી તેના ઈતિહાસની સૌથી મોટી આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને મિત્ર દેશો પાસેથી મદદ મળવા છતાં સ્થિતિ યથાવત્ છે. હવે દેશમાં એક નવું સંકટ ઉભું થયું છે, જેની ચેતવણી ખુદ પાકિસ્તાન બિઝનેસ કાઉન્સિલ દ્વારા જારી કરવામાં આવી છે. પીબીસીએ ચેતવણી આપી છે કે નવી સમસ્યાને કારણે ઘણી બહુરાષ્ટ્રીય કંપનીઓ હવે પાકિસ્તાનમાં તેમની બેક ઓફિસ બંધ કરી રહી છે અને અન્ય દેશોમાં સ્થાનો શોધી રહી છે. ચાલો જાણીએ શું છે સમગ્ર મામલો?પાકિસ્તાની મીડિયા ડોનના અહેવાલ મુજબ, દેશની ઘણી મોટી અને મોટી કંપનીઓ તેમની બેક ઓફિસને અન્ય દેશોમાં સ્થાનાંતરિત કરવાની યોજના બનાવી રહી છે અને ઘણી કંપનીઓએ તાજેતરમાં આવું કર્યું છે. પીબીસીની આ ચેતવણી દુબઈ ચેમ્બર ઓફ કોમર્સના એક અહેવાલ બાદ સામે આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જાન્યુઆરીથી જૂન ૨૦૨૪ વચ્ચે દુબઈમાં ૩,૯૬૮ પાકિસ્તાની કંપનીઓ નોંધાઈ છે અને આ આંકડો ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ઓછો છે. ૨૦૨૩. નોંધાયેલી ૩,૩૯૫ કંપનીઓ કરતાં આ ૧૭ ટકા વધુ છે.રિપોર્ટમાં આ આંકડાઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે દુબઈ પહોંચતા પાકિસ્તાની કારોબારના આંકડામાં આ ઉછાળો એવા દેશમાંથી વધતા જતા સ્થળાંતરને દર્શાવે છે જે પહેલાથી જ મોટા આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો છે અને જ્યાં રેકોર્ડ બેરોજગારી છે અને ત્યાં છે. ધીમો વિકાસ વિકાસ. ફુગાવાથી માંડીને વિવિધ કારણોને લીધે, માત્ર કંપનીઓ જ નહીં પરંતુ લાખો લોકો પણ વિદેશમાં પોતાના માટે તકો શોધી રહ્યા છે.આ ચેતવણી જારી કરવાની સાથે પાકિસ્તાન બિઝનેસ કાઉન્સિલે પોતાના નિવેદનમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના દેશ છોડવાનું એક મોટું અને નવું કારણ પણ આપ્યું છે. પીબીસીએ કહ્યું છે કે ફાયરવોલના કથિત ઈન્સ્ટોલેશનને કારણે દેશભરમાં ઈન્ટરનેટ સેવાઓમાં મોટા પાયે વિક્ષેપ આવી રહ્યો છે, જેના કારણે આ સ્થિતિ સર્જાઈ રહી છે.

# વિસાવદરમાં બેફામ ખનીજચોરોનો રાફડો ફૂટ્યો : તંત્ર મૌન



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૨૧

વિસાવદર તાલુકાના કેટલાક વિસ્તારોમાં ખનીજચોરોએ માજા મુકી છે જ્યાં જુઓ ત્યાં બેફામ ખનીજ ચોરી થઈ રહી છે. સતાધીશોને આ નજરે કેમ નથી આવતું એ મુદો ભારે ચર્ચામાં છે કે પછી ટેબલ નીચેની થોકડીઓ પહોંચતી કરી દીધી. ભર દિવસે નીકળતા વાહનો તંત્રને દેખાતા જ નથી. ગૌચરની જમીનમાંથી થતી આ ખનીજ ચોરી પશુપાલકો માટે ભવિષ્યમાં પોતાના પશુધનને નિભાવવા માટે એક સળગતો પ્રશ્ન છે. એક જ દિવસમાં ૧૦૦-૧૨૦ ટ્રેકટરો માટી પથ્થરની હેરાફેરી શહેરના મુખ્ય માર્ગો ઉપરથી થાય છે અને ગૌચરને સાવ નામોનિશાન કરી નાખેલ છે. જો ગૌચર ખુલ્લું કરવાની આંદોલનમાં કેટલીય કલમો લગાડનારાઓ ખનીજચોરો સામે કેમ ધુત રાષ્ટ્ર બની ગયા છે. કાયદાકીય અધિકારીઓ ઓફીસોમાં મીટીંગોમા વ્યસ્ત છે. આવી વાતોથી લોકોને જગાડનારા મિડિયા સામે કિન્નાખોરી રાખવામાં આવે છે. લોકો એમ ખુલ્લેઆમ કહી રહ્યા છે. તાલુકાનું વહીવટી તંત્ર એટલું ખાડે ગયું છે કે જે ખનીજચોરોની રખેવાળી કરતું હોય એવું લાગે છે.

# ઈન્દિરા ગાંધીની હત્યા કરનાર બોડીગાર્ડના પુત્ર સાંસદ સરબજીત સિંહ ખાલસાની માંગણી

મુંબઈ, તા.૨૧

કંગના રનૌત તેની ફિલ્મ 'ઈમરજન્સી'ને લઈને વિવાદમાં આવી છે. ફરીદકોટના સ્વતંત્ર સાંસદ સરબજીત સિંહ ખાલસાએ આ ફિલ્મ અંગે વાંધો વ્યક્ત કર્યો છે. સરબજીત સિંહે ફેસબુક પર એક લાંબી પોસ્ટ લખી છે, જેમાં તેણે કહ્યું છે કે ફિલ્મ 'ઈમરજન્સી' શીખ સમુદાયને ખોટી રીતે બતાવે છે, જેના કારણે સમાજમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે. સરબજીત સિંહ ખાલસાએ લખ્યું, 'એવા અહેવાલો છે કે નવી ફિલ્મ ઈમરજન્સીમાં શીખોને ખોટી રીતે દર્શાવવામાં આવી રહ્યા છે. જેના કારણે સમાજમાં કાયદો અને વ્યવસ્થા બગડે તેવી ભીતિ સેવાઈ રહી છે. જો આ ફિલ્મમાં શીખોને અલગતાવાદી અને આતંકવાદી તરીકે દર્શાવવામાં આવ્યા છે તો તે એક ઊંડું કાવતરું છે. આ ફિલ્મ અન્ય દેશોમાં શીખો વિરુદ્ધ નફરત ફેલાવવા માટેનો માનસિક હુમલો છે, જેના પર સરકારે ધ્યાન આપવું જોઈએ અને બંધ કરવું જોઈએ.

# જૂનાગઢના ખાડીયા વિસ્તારમાં બે ટપોરીઓએ આતંક મચાવ્યો-પોલીસને પણ ધમકી આપી

## ફરીયાદી મહિલાના પેટ ઉપર છરી મુકી રૂા. ૧૧૫૦ની લુંટ કરી, મહિલાના સાસુનું ગળુ દબાવી હત્યાનો પ્રયાસ કર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરના ખાડીયા વિસ્તારમાં ગઈકાલે બપોરના સમયે બે લુખ્ખાઓએ આંતક મચાવી કરીયાણું લેવા આવેલ દેરાણી-જેઠાણીને ગાળો આપી, પેટ પર છરી મુકી ૧૧૫૦ રૂપિયાની લુંટ કરતા સાસુએ પોલીસને ફોન કરતા બંને મહિલાના સાસુનું ગળુ દબાવી હત્યાનો પ્રયાસો કર્યો હતો. બાદમાં પોલીસ પહોંચતા એક શખસે તેના સાથીદારના ગળા પર કાચ વડે હુમલો કરી પોલીસને એટ્રોસીટીના કેસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપ્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસમાં નોંધાતા પોલીસે બંને શખ્સોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર પંચેશ્વર રોડ બોર્ડીંગવાસમાં રહેતા જાગૃતીબેન અનીલભાઈ જાદવે સંદીપ ઉર્ફે કાલીયો સોલંકી અને જયેશ વઘેરા રહે.બંને જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા તેમના જેઠાણી દયાબેન ગઈકાલે બપોરના સમયે કરીયાણું લેવા ગયેલ દરમ્યાન આરોપીઓ દુકાનનો સામાન ફેંકી દુકાન બંધ કરાવતા હોય જેથી ફરીયાદીએ આરોપીઓને સાઈડમાં જવાનું કહેતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ બંને મહિલાઓ સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરીયાદી મહીલાના પેટ પર છરી રાખી રૂા. ૧૧૫૦ રોકડ સાથેનાં પર્સની લુંટ કરતા ફરીયાદીએ તેના સાસુ ધનીબેનને બોલાવતા ધનીબેને પોલીસને ફોન કરતા આરોપીઓએ ધનીબેનનું ગળુ દબાવી જીવલેણ હુમલો કર્યો હતો બાદમાં પોલીસ આવતા બંને આરોપીઓ બાજુમાં આવેલ ખંઢેર જેવા મકાન પર ચડી ગયા હતા અને પોલીસે બંનેને નીચે આવી જવાનું કહેતા આરોપી સંદીપ ઉર્ફે કાલીયાએ પોતાના સાથી જયેશ વઘેરાના ગળે કાચ વડે ચેકો મારી તેમજ આરોપી સંદીપે પોતાના શરીર પર કાચથી ચેકાઓ મારી પોલીસને એટ્રોસીટીના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપ્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ લુંટ, હત્યાનો પ્રયાસ, પોલીસને ધમકી આપવા સહિતની કલમ બીએનએસ ક. ૧૦૯ (૧), ૩૧૧, ૨૯૬ (બી), ૩૫૧ (૩), ૨૨૬, ૫૪, જીપીએક ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ એ ડીવીઝનનાં પીએસઆઈ એ.એ. પરમારે હાથ ધરી છે.


**ગાયત્રી યાત્રા સંઘ**

૨ X ૨ સ્લીપર
૩ X ૨ લકઝરી બસ
''સ્પે. જન્માષ્ટમી'' પ્રવાસો
(૧) ઉત્તરભારત યાત્રા દિ. ૧૨
(૨) ગોવા મહાબળેશ્વર ઈમેજીકા, મુંબઈ દિ.૮
(૩) રોયલ રાજસ્થાન દિ.૮
(૪) નાશીક શીરડી, મુંબઈ દિ. ૬
(૫) ઉજૈજન ઓમકારેશ્વર પાવાગઢ દિ. ૫
(૬) કચ્છ પ્રવાસ દિ. ૩
(૭) સ્ટેચ્યુ ઓફ યુનીટી, પોઈચા, પાવાગઢ દિ. ૩
(૮) આબુ અંબાજી, ગાંધીનગર દિ. ૩
(૯) તુલસીશ્યામ, દીવ અને સોમનાથ દિ.-૧
ચોકકસ ઉપડશે તા. ૨૪/૨૫ ઓગસ્ટ, જુજ સીટો બાકી છે.

હસુભાઈ ભટ્ટ
રાજકોટ
મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯


# જૂનાગઢ શહેર-જીલ્લામાં જુગારનાં અડ્ડાઓ પર ઘોંસ : ૩ કલબ સહિત ૬૮ જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ સહિત જીલ્લામાં પોલીસે જુગારની બદી વીરૂધ્ધ તવાઈ બોલાવી હોય તેમ ગઈકાલે જૂનાગઢ શહેરના તળાવ દરવાજા, વંથલી અને કેશોદમાં ચાલતી ૩ જુગાર કલબ સહિત વિસાવદર, મેંદરડા, કેશોદ, માણાવદર, જૂનાગઢ તાલુકા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૬૮ જેટલા જુગારીઓને ઝડપી લઈ વિવિધ પોલીસ મથકોએ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર તળાવ દરવાજા વિસ્તારમાં આવેલ જલારામ સોસાયટીના બ્લોક નં.૧૨ઈમાં રહેતા ચંન્દ્રકાંતભાઈ મોહનલાલ ગાંધી બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ પાડતા મકાન માલીક ચંન્દ્રકાંતભાઈ સહિત જીતેન્દ્રભાઈ જ્ઞાનચંદભાઈ હેમનાણી, નગીનભાઈ હરદેવભાઈ ઠકકર, રાજેશભાઈ કાન્તીભાઈ ભાયાણી, પંકજભાઈ મુકુંદરાય ઝવેરી, ભરતભાઈ હેમરાજભાઈ જોગીયાને રૂા.૫૯૪૦૦ રોકડા, ૬ મોબાઈલ સહિત ૮૯૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા ૪ ૫ મુજબ કાર્યવાહી કરી છે. જયારે કેશોદ પોલીસે ઉતાવળી નદીના કાંઠે જુના વાસમાં રહેતા તોફીક શીકંદરભાઈ શાહમદારના રહેણાંક મકાને રેડ પાડતા મકાન માલીક તોફીક સહિત અયાન અલારખા જેઠવા, હીતેષ ફતનદાસભાઈ ડોડીયા, ઈલ્યાસ આરબભાઈ સુફીયા, ઈર્શાદ ઈબ્રાહીમભાઈ મહીડા, સતાર હાસુભાઈ ચૌહાણ અને જમનદાસ દેવજીભાઈ છોડવડીયાને ઘોડીપાસાનો જુગાર રમતા ૨૨૬૫૦ રોકડ સહિત મોબાઈલ મળી કુલ ૩૬૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કેશોદ થાણે ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ વંથલી પોલીસે નાવડા ગામે રહેણા હરસુખ જગદીશ ચૌહાણના રહેણાંક મકાને દરોડો પાડતા મકાન માલીક બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમી રમાડતા મકાન માલીક સહિત હસન ઈસ્માઈલ દલ, રાજેશ માધાભાઈ સોલંકી, વસંત ખાખાભાઈ વડીયાતર, સુલેમાન ઈસ્માઈલ સાંધ, અહેશાન ગફાર સેતાને રૂા.૧૭૨૫૦ રોકડ, ૫ મોબાઈલ, ૨ બાઈક સહિત ૯૨૨૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

જૂનાગઢ તાલુકા પોલીસે વાલાસીમડી ગામની સીમમાં રોન પોલીસ નામનો જુગાર રમતા મનોજ દેવાભાઈ ઠાકોર, જેન્તી છગનભાઈ ઠેસીયા, જયસુખ વલ્લભભાઈ સીદપરા, નરેન્દ્ર ગાંડુભાઈ સરધારા, રાજેશ પોપટભાઈ સાણંદીયા, આશીષ રમેશભાઈ બાબરીયા, મયુર વિઠ્ઠલ આસોદરીયા, મયુર રમેશ ડાંગરને રૂા.૫૪૮૦૦ રોકડ સહિત ૮ મોબાઈલ મળી કુલ ૯૦૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જૂનાગઢ તાલુકા થાણે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે. કેશોદ પોલીસે સોંદરડા ગામેથી જાહેરમાં જુગાર રમતા જતીન અરવીંદ ડઢાણીયા, હર્ષીલ દિનેશ કોઠડીયા, ડેનીશ શાંતીભાઈ હીંગરાજીયા, સાગર અરવીંદ ડઢાણીયા, હીતેષ અરજણ કોઠડીયાને રૂા.૭૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કર છે. તેવી જ રીતે મોવાણા ગામે વાડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા અરવીંદ બેચરભાઈ હદવાણી, મુકેશ વીઠલભાઈ ભાલોડીયા, મનસુખ નારણભાઈ વણપરીયા, રાજેશ કરમશી ભાલોડીયા, ધીરૂ સવજી હદવાણી, હરસુખ કાનજીભાઈ ડઢાણીયા, ગીરધર મોહનભાઈ મારડીયા, પ્રતિક કાન્તીભાઈ ભાલોડીયાને કેશોદ પોલીસે ૫૩૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે મેંદરડાના ખીમપાદર ગામે મેંદરડા પોલીસે જાહેરમાં જુગાર રમતા દાઉદ નાથાભાઈ સમા, વીનુ નાથાભાઈ પરમાર, નિલેશ કનુભાઈ ગેડીયા, હરસુખ મેઘજીભાઈ રાણોલીયા, દિલાવર ઉર્ફે કાથળ સુલેમાન સમા, કીશન નાથાભાઈ રાઠોડને ૧૨૩૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. માણાવદર પોલીસે થાનીયાણા ગામેથી જાહેરમાં જુગાર રમતા રમણીક જીણાભાઈ મકવાણા, માનસીંગ રાજુભાઈ બાબરીયા, સંજય રમણીકભાઈ મકવાણા, હરેશ સમજુભાઈ બાબરીયા, હરેશ વીરમભાઈ બાંભવા, રાજેશ ભાણાભાઈ બાબરીયા, વાલજી બોઘાભાઈ પરમાર, સાગર ગીરીશભાઈ મકવાણા, નીતીન ભીમાભાઈ મકવાણાને રૂા.૧૦૭૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે વિસાવદર પોલીસે સરસઈ ગામેથી જાહેરમાં જુગાર રમતા જયશ નારણ ગોહીલ, દેવીદાસ સેવાદાસ ગોંડલીયા, સાગર રાજુભાઈ દાણીધારીયાને રૂા.૩૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે મંગળુ વાળા અને વિજય પરમાર નામના શખ્સો નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે. જયારે વિસાવદર પોલીસે લીમધ્રા ગામેથી ભાવેશ ચીમનભાઈ શેઠ, રમેશ નાનજી માંડણકા, રાહુલ લખુભાઈ વણાર, ધાર્મિક હરસુખ નાકરાણી, માવજી બચુ સાવલીયા, ભરત હરી મકવાણા, દિનેશ કાળુ મકવાણા, અજય દિલા કંડોળીયા, રાજેશ ચનાભાઈ સોલંકીને રૂા.૧૫૫૪૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

# માળીયા હાટીના તાલુકાનાં ભંડુરી ગામે પીજીવીસીએલના કર્મચારીઓ પર હુમલોઃ ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ નોંધાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

માળીયા હાટીના તાલુકાના ભંડુરી ગામે વાડી વિસ્તારમાં અકસ્માતે વીજ શોક લાગવાથી એક વ્યકિતનું મોત થયેલ જેનું પંચ રોજકામ કરવા આવેલ પીજીવીસીએલના કર્મચારીઓ પર હુમલો કરી ફરજમાં રૂકાવટ કર્યાની બે વિરૂધ્ધ ફરીયાદ માળીયા હાટીના પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે હીતેષ કરશનભાઈ ચાવડાએ રાકેશભાઈ ઉકાભાઈ વાળા અને અરજણ કારાભાઈ વાળાએ રહે.બંને ભંડુરીવાળા વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા સાહેદો પી.જી.વી.સી.એલના કર્મચારીઓ હોય અને ભંડુરી ગામે વાડિ વિસ્તારમા અકસ્માતે વીજ શોક લાગવાથી એક વ્યક્તિનુ મૃત્યુ થયેલ હોય જે જગ્યાનુ પંચ રોજકામ કરવા આ કામના ફરીયાદી તથા સાહેદો સ્થળ ઉપર જતા આરોપીઓએ ફરીયાદીને કહેલ કે તમે કેમ મોડા આવો છો હવે તમને કામ કરવા દેવામા નંહી આવે તેમ કહી ફરીયાદીને ભુંડી ગાળો આપી કાઠલો પકડી નીચે પછાડી દઈ શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી ફરીયાદીની ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બીએનએસએસ ક. ૧૨૧ (૧), ૨૨૧, ૩૫૨, ૫ અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ માળીયા હાટીનાનાં ઈન્ચાર્જ પીએસઆઈ એસ.કે. મહેતાએ હાથ ધરી છે.


**ગાયત્રી યાત્રા સંઘ**

રેલ્વે + બસથી
(૧) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર દિ. ૧૫
(૨) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર, મથુરા દિ. ૨૦
ઉપડશે તા. ૧૦-૯ અને તા. ૧૩-૯

હસુભાઈ ભટ્ટ
રાજકોટ
મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે


## જૂનાગઢમાંથી સગીરાનું અપહરણ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢનાં ગેંડાઅગડ રોડ કૈલાશનગર શેરીમાં રહેતા મીનાબેન થાડોકીયાએ નાઝીર હાલ રહે. ભવનાથ (મુળ બિહાર) સામે એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે તેની સગીર વયની દિકરી (ઉ.વ. ૧૬)ને આ કામનો આરોપી લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી અપહરણ કરી ગયેલ હોવાની ફરીયાદ નોંધાવતાં એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં જુના મનદુઃખને કારણે લોખંડનાં સળીયા વડે માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢનાં ખામધ્રોળ રોડ આરટીઓ ઓફીસ સામે નંદનવન સ્કુલ પાસે રહેતા મનીષભાઈ મનસુખભાઈ ગોંડલીયા (ઉ.વ. ૪૧)એ મહેશભાઈ, રાજુભાઈ, અન્ય બે લોકો સામે તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરયાદીનાં ભાઈ સુરેશ સાથે આરોપીઓને અગાઉ ઝગડો થયેલ હોય તે મનદુઃખ રાખી તેનાં કારણે ફરીયાદી સાથે ઝગડો કરી ફરીયાદીનાં ડાબા હાથમાં કોણી પાસે તથા ડાબા ખંભામાં લોખંડનાં સળીયા વડે માર મારી ઈજા કરી મારી નાખવાની ધમકી આપ્યાની તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### શાપુર ગામેથી ૨૦ ચપટા સાથે શખ્સ ઝડપાયો

માંગરોળ મરીન પોલીસે માંગરોળ તાલુકાનાં શાપુર ગામેથી ગાત્રાળ પાનની દુકાનમાંથી સંજય કારાભાઈ ચાવડાનાં કબ્જામાંથી ઈંગ્લીશ દારૂનાં ચપટા નંગ-૨૦ કિંમત રૂા. ૨૦ હજાર સાથે ઝડપી લીધેલ છે. જયારે તપાસમાં નામ ખુલતા પીયુશ બચુભાઈ ગરેજાને ઝડપવા માટે માંગરોળ મરીન પોલીસે ચક્રો ગતીમાન કરી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ : લકી બાબતે મારા મારી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢનાં સુખનાથ ચોક તાર બંગલા પાસે રહેતા અંજુમશા ઈસ્માઈલશાએ સકીલ ઉર્ફે કારો, કાલી સામે એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીએ આરોપી નં. ૨ પાસેથી રૂા. પાંચ હજારની લકી વેચાતી લીધેલ હોય જે લકી આરોપીઓ પાછી માંગવા આવતા ફરીયાદીએ વેચાતી લીધેલ હોય તેવું જણાવતાં આરોપીઓએ મારી નાખવાની ધાકી આપી આરોપી નં. ૧નાએ છરી વડે ફરીયાદીને કપાળમાં મારી લોહીયાળ ઈજા કરી ગામળો આપ્યાની ફરીયાદ નોંધાવતાં એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ ડી.એમ. જાદવે વધુ તપાસ હાથ ધરી છે.

### અકસ્માતે ઈજા

માણાવદરનાં બુરી ગામનાં મીલનબેન રાજેશભાઈ પરમાર (ઉ.વ. ૨૨)ને અલ્ટોકાર નં. જીજે-૧૦-એસી ૪૦૭૮એ ફરીયાદીની મોટર સાયકલ સાથે ભટકાવી શરીરે મુંઢ ઈજાઓ કરી નાશી ગયાની ફરીયાદ માણાવદર પોલીસમાં નોંધાવી છે.

## મેંદરડા : સાપ કરડતા યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧


મેંદરડા ગામે દિલીપભાઈ વીરાભાઈ ચાવડાની વાડીએ દુર્લભભાઈ સંજયભાઈ ચાંડપા (ઉ.વ. ૧૮) રહે. ગુંદરણને વાડીએ આવેલ મકાનના સળીયામાં રમતા હતાં તે વખતે ડાબા હાથમાં ઝેરી સાપ કરડી જતાં સારવાર દરમ્યાન યુવાનનું મૃત્યું થતાં મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરૅટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦૨૫૧૨૩

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે
સ્પે. પંજાબી પફ મળશે
આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨